RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 255* Date: 12.07.2022, Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ૨૦ વર્ષમાં પહેલીવાર સૌથી વધુ વરસાદ પડ્યો

**છોટા ઉદેપુર, વલસાડમાં અનેક ગામો ડૂબ્યાં નવસારી અને વલસાડ જિલ્લામાંથી અનેક લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.**



વલસાડ,તા.૧૧

દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદ ને કારણે કેટલીક નદીઓના જળસ્તરમાં વધારો થયો છે અને વિવિધ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. નવસારી અને વલસાડ જિલ્લામાંથી અનેક લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઓરસંગ નદીના પાણીના સ્તરમાં વધારો થતાં વલસાડના કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. કાવેરી અને અંબિકા નદીઓ ખતરાના નિશાનથી ઉપર વહી રહી હોવાથી નવસારી જિલ્લાના અધિકારીઓ પણ એલર્ટ પર છે.

૨૪ કલાક દરમિયાન રાજ્યના ૨૧૮ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધારે વરસાદ છોટાઉદેપુરના બોડેલી તાલુકામાં ૨૨ ઈંચ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૨ તાલુકામાં આઠ ઈંચથી વધારે વરસાદ નોંધાયો છે. ૩૦ તાલુકા એવા છે જેમાં ચાર ઈંચ કરતા વધારે વરસાદ નોંધાયો છે. ૧૧૭ તાલુકામાં એક ઈંચ કરતા વધારે વરસાદ પડ્યો છે. વલસાડ જિલ્લાની વાત કરવામાં આવે તો ઔરંગા નદી લોકો માટે આફત બની છે. કારણ કે નદીના નીચાણવાળા વિસ્તારમાં પાણી ફરી વળ્યા છે. લોકોનાં ઘરોમાં વરસાદના પાણી ઘૂસી ગયા છે. ઉપરવાસમાં ભારે વરસાદને પગલે ઔરંગા નદી ગાંડીતુર બની છે. નદીનો પ્રવાહ વધતા છીપવાડ વિસ્તારમાં પાણી ઘૂસી ગયા છે. મુખ્ય બજારમાં નદીના પાણીન પ્રવાહ વહી રહ્યો છે. નદીનું સ્તર વધતા નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસેડાયા છે. બીજી તરફ સોસાયટીમાં રહેતા લોકો ધાબા પર રહેવા માટે મજબૂર બન્યા છે. કશ્મીરનગર, બરૂડિયા વાડ, લીલાપોર વિસ્તારમાં પાણી ભરાયા છે. બીજી તરફ મુખ્ય બજારમાં પાણી ફરી વળતા વેપારીઓને કરોડનું નુકસાન થયું છે. એક અંદાજ પ્રમાણે અમુક વિસ્તારોમાં ૧૦ ફૂટ સુધી પાણી ઘૂસી ગયા છે. છીપવાડ વિસ્તારની સ્થિતિ વધુ ગંભીર બની છે. દાણા બજારના વેપારીઓને અચાનક પાણી આવતા પોતાનો સામાન બહાર કાઢવાની પણ તક મળી નથી. અનાજના હોલસેલ વેપારીઓને કરોડોનું નુકસાન થયું છે. હાલ કુદરતના કહેર સામે તેઓ સરેન્ડર છે. માત્ર પાણી ઉતરે તેની રાહ જોઈ રહ્યા છે.

ઔરંગા નદીમાં આવેલા પૂરને લઈને પૂરના પાણી વલસાડ શહેરની ગ્રીનપાર્ક સોસાયટીમાં પ્રવેશ્યા છે. પૂરના પાણીને લઈને સ્થાનિકોએ પોતાની માલ સામાન ખસેડવાની કાર્યવાહી હાથ ધરી છે.વલસાડ જિલ્લાના કપરાડામાં બારે મેઘ ખાંગા થયો છે. અહીં સતત ભારે વરસાદને કારણે તમામ નદી નાળાઓમાં પૂરની પરિસ્થિતિ જોવા મળી છે. કોલક અને પાર નદીનું રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યું છે. નદી કિનારાના કેટલાક ઘરોમાં પણ પાણી ઘૂસ્યા છે. કપરાડા વિસ્તારમાં નદી નાળાઓ ઉપર આવેલા લો લેવલ કોઝવે અને નાના પુલ પાણીમાં ગરકાવ થઈ ગયા છે. આ ઉપરાંત અનેક ગામો સંપર્ક વિહોણા બની ગયા છે. વલસાડ અને નવસારી જિલ્લામાં શનિવારે રાત્રે અને રવિવારે સવારે ખૂબ જ ભારે વરસાદ થયો હતો, છોટા ઉદેપુર અને નર્મદા જિલ્લામાં પણ ભારે વરસાદ થયો છે, જેના કારણે નદીઓ વહેતી થઈ છે અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. ભારતીય હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતના ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લામાં આગામી પાંચ દિવસ દરમિયાન ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. રાજ્યમાં બે દિવસથી સતત વરસી રહેલા વરસાદના કારણે ૩૮૮ રસ્તાઓ બંધ કરવાની ફરજ પડી છે અને ત્રણ હજારથી વધારે લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. માહિતીખાતા અનુસાર, છોટાઉદેપુરમાંથી ૪૦૦, નવસારીમાંથી ૫૫૦ અને વલસાડમાંથી ૪૭૦ લોકોને રાહતકાર્યની ટીમો દ્વારા બચાવીને સુરક્ષિતસ્થળોએ ખસેડવામાં આવ્યા છે. સ્કાયમૅટ વેધરના અહેવાલ પ્રમાણે, ૧ જૂનથી ૯ જુલાઈ દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૫૯ ટકાથી વધુ વરસાદ વરસી ચૂક્યો છે. રાજ્યમાં અત્યાર સુધી ચોમાસું 'સામાન્ય' શ્રેણીમાં છે.

## કોંગ્રેસના ૧૧માંથી ૫ ધારાસભ્યોની પાર્ટી બદલવાની ચર્ચાએ જોર પકડ્યું છે, ભાજપ પર સરકાર તોડવાનો આરોપ

### ગોવા પર રાજકીય સંકટ! સોનિયાએ પોતે મોરચો સંભાળ્યો,

નવીદિલ્હી,તા.૧૧

મહારાષ્ટ્રમાં શિવસેના બાદ હવે ગોવામાં કોગ્રેસમાં પણ ભંગાણ થયું હોવાના સમાચારો વહેતા થયા છે. ગોવામાં કોગ્રેસમાં એક વખત ફરીથી મુશ્કેલી ઉભી થઈ છે. ગોવામાં વિધાન સભાની ચૂંટણી થયે હજુ માત્ર ૫ જ મહિના થયા છે એવામાં કોંગ્રેસના ૧૧માંથી ૫ ધારાસભ્યોની પાર્ટી બદલવાની ચર્ચાએ જોર પકડ્યું છે. કોગ્રેસનું કહેવું છે કે, ૫ ધારાસભ્યો સાથે તેમનો સંપર્ક કપાયો છે. કોંગ્રેસે પોતાના બે ધારાસભ્યો માઈકલ લોબો અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી દિગંબર કામત ઉપર મ્લ્ઁ સાથે મળીને પાર્ટીની સામે કાવતરૂ રચવાનો આરોપ લગાવ્યો છે. પાર્ટીએ માઈકલ લોબોને નેતા પ્રતિપક્ષના પદ ઉપરથી હટાવી દીધા છે. ગોવાની ૪૦ સીટો વાળી વિધાનસભામાં કોગ્રેસના ૧૧ ધારાસભ્યો છે. તેમાંથી ૫ ધારાસભ્યો ભાજપમાં જોડાઈ શકે છે તેવી ચર્ચાઓ વહેતી થઈ છે.જે સભ્યો ભાજપમાં

દિનેશ ગુંડૂ રાવે જણાવ્યું હતું કે, માઈકલ લોબો, દિગમ્બર કામત, કેદાર નાયક, રાજેશ ફલદેસાઈ અને ડેલિયાલા લોબો સાથે સંપર્ક નથી થઈ રહ્યો. તેમણે જણાવ્યું હતું કે એલ્ટન ડીસોઝા, સંકલ્પ અમોનકર, યૂરી અલેમાઓ, કાર્લોસ અલ્વારેસ ફરેરા અને રુડોલ્ફ ફર્નાન્ડિઝ સાથે છે તેમજ એલેક્સ સિક્કેરા પાર્ટીના નેતાઓ સાથે સપર્કમાં છે અને કોગ્રેસની સાથે છે.

હાલમાં કોગ્રેસના ૫ ધારાસભ્યો પાર્ટી બદલશે તેવી ચર્ચાએ જોર પકડ્યુ છે. જો આ ૫ ધારાસભ્યો ભાજપમાં જોડાશે તો તેમની ઉપર પક્ષ પલટાનો કાયદો લાગુ પડશે. આ કારણે તેમના ધારાસભ્ય પદ ઉપર જોખમ આવી શકે છે. ગોવા કોગ્રેસના પ્રભારી રાવે જણાવ્યું હતું કે, બળવાખોર ધારાસભ્યો પાસે ૨/૩ મતોનું સમર્થન ન હોવાના કારણે જો તેઓ પાર્ટી બદલશે તો તેમને ફરીથી ચૂંટણીમાં ઉભું રહેવું પડશે અને તેમની ઉપર પક્ષ-પલટાનો કાયદો પણ લાગુ પડશે.

એવા સમાચારો સામે આવી રહ્યા છે કે ૫ બળવાખોર ધારાસભ્યોને આ કાયદાથી બચાવવા માટે અન્ય ૩ ધારાસભ્યોનો સપર્ક કરવામાં આવી રહ્યો છે. તેમની સાથે જો અન્ય ૩ ધારાસભ્યો જોડાઈ જશે તો તેમની સંખ્યા ૮ થઈ જશે અને ત્યારબાદ તેમના સભ્યપદ ઉપર કોઈ જોખમ નહી રહે.આવામાં કોગ્રેસના બળવાખોર ૫ ધારાસભ્યો જો પાર્ટી બદલીને ભાજપમાં જોડાશે તો તેમનું સભ્યપદ જઈ શકે છે. તેમને પોતાનું સભ્યપદ જાળવી રાખવું હોય તો અન્ય ૩ ધારાસભ્યોનો સાથ મળવો જરૂરી છે. જો બળવાખોરો સાથે કોઈ નહી જોડાય તો તેઓ જાતે જ ધારાસભામાં રાજીનામુ આપે અથવા તો પછી BJPમાં જોડાઈને તેમની ટિકિટ ઉપર ચૂંટણી લડે.

કોગ્રેસના ૫ બળવાખોર ધારાસભ્યોને અન્ય ૩ ધારાસભ્યોનો સાથ મળશે તો તેમની સદસ્યતા ઉપર જોખમ ઉભું નહી થાય. જો ૮ ધારાસભ્યો પાર્ટી બદલીને ભાજપમાં જોડાશે તો તેનાથી વિધાનસભામાં ભાજપની સ્થિતિ મજબૂત થશે. ગોવમાં આ વર્ષે ફેબ્રુઆરીમાં વિધાનસભાની ચૂંટણી થઈ હતી. આ ચૂંટણીમાં ૪૦માંથી ૨૦ સીટો ભાજપે જીતી હતી. આ સિવાય ભાજપ પાસે મહારાષ્ટ્રવાદી ગોમાંતક પાર્ટીના ૨ અને ૩ અપક્ષના ધારાસભ્યોનું સમર્થન છે. કોગ્રેસે ૧૧ સીટો જીતી હતી. આ સિવાય ગોવાની ફોરવર્ડ પાર્ટી અને રિવોલ્યૂશનર ગોઅંશ પાર્ટીની એક-એક સીટ છે. આમ આદમી પાર્ટીએ ૨ સીટ જીતી હતી. કોગ્રેસના ૫ ધારાસભ્યો ભાજપમાં જોડાશે તો તેમની પાસે વિધાનસભામાં ૩૦ ધારાસભ્યોનું સમર્થન થઈ જશે અને અપક્ષમાં ૧૦ ધારાસભ્યો જ રહેશે.

જો કે, બળવાખોર ધારાસભ્યોએ હજુ સુધી ભાજપમાં જોડાવાની કોઈ પુષ્ટિ કરી નથી. કોંગ્રેસનો આરોપ છે કે તેમના ધારાસભ્યો પર ભાજપમાં જોડાવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. ભાજપે કોંગ્રેસના આ આરોપોને નકારી કાઢ્યા છે. ગોવામાં કટોકટી વધુ ઘેરી બનતી જોઈને કોંગ્રેસે માઈકલ લોબોને રાજ્યમાં વિપક્ષના નેતા પદેથી હટાવી દીધા છે. કોંગ્રેસના ગોવાના પ્રભારી દિનેશ ગુંડુ રાવે આ જાહેરાત કરી હતી. પાર્ટી અધ્યક્ષ સોનિયા ગાંધીએ ગોવામાં કોંગ્રેસમાં ભાગલા રોકવા અને વર્તમાન પરિસ્થિતિ પર કાબૂ મેળવવા માટે મુકુલ વાસનિકને ગોવા મોકલ્યા છે. વાસનિક ગોવા પહોંચશે અને રાજકીય પરિસ્થિતિની સમીક્ષા કરશે. વાસનિક ગોવામાં કોંગ્રેસના બળવાખોર ધારાસભ્યોનો સંપર્ક કરીને તેમને મનાવવાનો પ્રયાસ કરી શકે છે.

## કર્ણાટકમાં બજરંગ દળના કાર્યકરના હત્યારાના જેલમાં ઠાઠ, ભાજપ ઘેરાઈ

### જેલનો વીડિયો બહાર આવ્યો

બેંગલુરુ,તા.૧૧

કર્ણાટકના શિવમોગામાં ૨૦ ફેબ્રુઆરીએ બજરંગ દળના કાર્યકર હર્ષાની હત્યાના આરોપીઓની જેલમાં થતી ખાસ સરભરાનો વીડિયો સામે આવતા ભાજપ સરકાર બરાબરની ફસાઈ છે. હર્ષાના પરિવારજનોનો આરોપ છે કે, જ્યારે તેમણે આ મુદ્દો રાજ્ય સરકાર સામે ઉઠાવ્યો, તો તેમણે યોગ્ય જવાબ પણ ના આપ્યો. શિવમોગાના બહુચર્ચિત બજરંગ દળ કાર્યકર હર્ષા હત્યા કેસમાં મોહમ્મદ ખાસિક અને અન્ય ત્રણ આરોપીની ધરપકડ કરાઈ હતી. આ તમામ આરોપી પર યુએપીએ હેઠળ કેસ નોંધાયો છે.

આ તપાસ એનઆઈએને સોંપાઈ હતી. હર્ષાના પરિવારને અનેક સંગઠનોએ મદદ કરી હતી. ભાજપે પણ જોરશોરથી આ મુદ્દો ઉઠાવ્યો હતો. હવે ચારેય આરોપી બેંગલુરુની જેલમાં બંધ છે. હાલ વાઈરલ થયેલા વીડિયોમાં આરોપીઓ મોબાઈલ પર વીડિયો કૉલ કરતા દેખાઈ રહ્યા છે. તેમાં આરોપી તેમના પરિવારને કહી રહ્યા છે કે, તેમને જેલમાં કોઈ મુશ્કેલી જ નથી. તેઓ એકદમ આરામથી રહી રહ્યા છે. એટલે સવાલ ઉઠ્યા છે કે, હત્યાના આરોપીઓ પાસે જેલમાં મોબાઈલ કેવી રીતે પહોંચ્યા. વળી, તેઓ એવું કેમ કહે છે કે, જેલમાં તેઓ આરામથી રહી રહ્યા છે, તેમને કોઈ મુશ્કેલી જ નથી. આ રીતે તેમની કોણ મદદ કરી રહ્યું છે.

વીડિયો વાઈરલ થયા પછી રાજ્ય એસીબીએ જેલમાં દરોડાની પાડીને મોબાઈલ ફોન જ નહીં, હથિયરો અને ડ્રગ્સ પણ ઝડપી પાડ્યું. આ મામલા પછી હર્ષાના પરિવારે સરકાર પર લાપરવાઈનો આરોપ મૂક્યો છે.

તેમનું કહેવું છે કે, સરકારે આરોપીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાનું આશ્વાસન આપ્યું હતું. હર્ષાની બહેન અશ્વિનીએ રાજ્ય ગૃહ મંત્રી અરાગા જેનેન્દ્રની પણ મુલાકાત લીધી હતી, પરંતુ આ મામલામાં કોઈ ખાસ આશ્વાસન નહીં મળતા અશ્વિની ગૃહ મંત્રી સાથેની બેઠક પણ અધૂરી છોડીને જતા રહ્યા હતા.

## કાશ્મીરમાં હજુ પણ ૧૪૧ આતંકીઓ સક્રિય, ૮૧ વિદેશી અને ૫૯ સ્થાનિક, મોટા ભાગના હિઝબુલ અને તેના સંગઠનો સાથે જોડાયેલા

નવીદિલ્હી,તા.૧૧

જમ્મુ કાશ્મીરમાં હજુ પણ આતંકીઓ સ્થાનિક યુવકોને ભડકાવીને આતંકવાદના રસ્તે લઈ જઈ રહ્યા છે. પ્રાપ્ત આંકડા અનુસાર છેલ્લા ચાર વર્ષમાં આવા આશરે ૭૦૦ જેટલા યુવકોને ભ્રમિત કરીને આતંકી બનાવી દેવામાં આવ્યા હતા. જ્યારે જમ્મુ કાશ્મીરમાં ૧૪૧ આતંકીઓ હાલ સક્રિય છે તેમાંથી મોટા ભાગના વિદેશી આતંકીઓ છે. આ આંકડા ગૃહ બાબતોના મંત્રાલય દ્વારા આપવામાં આવ્યા હતા.મંત્રાલય દ્વારા જારી આંકડા અનુસાર જમ્મુ કાશ્મીરમાં જે ૧૪૧ આતંકીઓ સક્રિય છે તેમાંથી ૮૧ આતંકીઓ વિદેશી છે જ્યારે ૫૯ આતંકીઓ સ્થાનિક છે. આ આતંકીઓમાં મોટા ભાગના લશ્કરે તોયબા અને તેના પેટા સંગઠનો જેવા કે રેસિસ્ટન્સ ફ્રન્ટ, જૈશ-એ-મોહમ્મદ અને હિઝબુલ મુજાહિદ્દીન સાથે જોડાયેલા છે. વર્ષ ૨૦૧૮માં ૧૮૭, ૨૦૧૯માં ૧૨૧, ૨૦૨૦માં ૧૮૧ અને ૨૦૨૧માં ૧૪૨ સ્થાનિકો આતંકી બની ગયા હતા. જ્યારે આ વર્ષે જુલાઇના અંત સુધીમાં ૬૯ યુવાઓને આતંકી બનાવી દેવાયા હતા. આ વર્ષે કુલ ૫૫ એન્કાઉન્ટર થયા જેમાં ૧૨૫ આતંકીઓને સુરક્ષા જવાનોએ ઠાર માર્યા હતા. જેમાં ૯૧ સ્થાનિક અને ૩૪ વિદેશી આતંકીઓ હતા. ચીન દ્વારા લદ્દાખ અને અન્ય સરહદી વિસ્તારોમાં વારંવાર ઘુસણખોરી થઈ રહ્યાના અહેવાલો સામે આવતા હોય છે. આ સ્થિતિ વચ્ચે ચીનને તેની જ ભાષામાં જવાબ આપવાની તૈયારી ભારતીય સૈન્યએ કરી લીધી છે.

## બિહારના મૂળ નિવાસીઓને પણ અનામતનો લાભ આપવા ઝારખંડ સરકારનો નિર્ણય

રાંચી,તા.૧૧

ઝારખંડની હેમંત સોરેન સરકારે રાજ્યમાં વિવિધ પદ પર કાર્યરત બિહારના કર્મચારીઓ માટે મહત્વનો નિર્ણય જાહેર કર્યો છે. કેડર વિભાજન બાદ બિહારથી આવેલા આરક્ષિત વર્ગના કર્મચારીઓના બાળકોને ઝારખંડમાં અનામતનો લાભ આપવામાં આવશે. રાજ્યની રચના પહેલા તથા કેડર વિભાજનના આધાર પર અનામત કેટેગરીના એસટી, એસસી તથા અત્યંત પછાત વર્ગ, પછાત વર્ગના જે કર્મચારીઓ ઝારખંડમાં પદસ્થાપિત છે પરંતુ બિહારના નિવાસી છે તેમને ઝારખંડમાં અનામત કેટેગરીની માન્યતા પ્રદાન કરવામાં આવશે. મતલબ કે, હવેથી આ પ્રકારના કર્મચારીઓના સંતાનોને પણ નિયુક્તિઓમાં અનામતનો લાભ મળશે.જોકે આ માટે સરકાર દ્વારા અમુક શરતો નિર્ધારિત કરવામાં આવેલી છે. સરકારના કહેવા પ્રમાણે ઝારખંડમાં અનામતનો લાભ લીધા બાદ તેમણે પોતાના મૂળ રાજ્ય બિહારમાં અનામતનો લાભ નહીં લેવામાં આવે તેની ખાતરી આપવી પડશે.


## વડાપ્રધાને નવા સંસદભવનની છત પર બનેલા ૯૫૦૦ કિલોના વિશાળ અશોક સ્તંભનું અનાવરણ કર્યું

નવીદિલ્હી,તા.૧૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સવારે નવા સંસદ ભવનની છત પર રાષ્ટ્રીય પ્રતીકનું અનાવરણ કર્યું હતું.

પ્રધાનમંત્રીએ ટ્વીટ કર્યું હતું કે, આજે સવારે, મને નવી સંસદની છત પર રાષ્ટ્રીય પ્રતીકનું અનાવરણ કરવાનું સન્માન મળ્યું.

પ્રધાનમંત્રીએ નવી સંસદના કાર્ય સાથે સંકળાયેલા શ્રમજીવીઓ સાથે પણ વાતચીત કરી હતી. સંસદના નિર્માણ સાથે સંકળાયેલા શ્રમજીવીઓ સાથે મારો અદ્ભુત સંવાદ થયો. અમને તેમના પ્રયાસો પર ગર્વ છે અને અમારા રાષ્ટ્ર માટે તેમના યોગદાનને હંમેશા યાદ રાખીશું.



રાષ્ટ્રીય પ્રતીક બ્રોન્ઝથી બનેલું છે અને તેનું કુલ વજન ૯૫૦૦ કિગ્રા છે અને તેની ઊંચાઈ ૬.૫ મીટર છે. તેને નવા સંસદ ભવનનાં સેન્ટ્રલ ફોયરની ટોચ પર નાખવામાં આવ્યું છે. પ્રતીકને ટેકો આપવા માટે લગભગ ૬૫૦૦ દ્વપ્ત વજનનું સ્ટીલનું સહાયક માળખું બનાવવામાં આવ્યું છે.

કન્સેપ્ટ સ્કેચ અને નવા સંસદ ભવનની છત પર રાષ્ટ્રીય પ્રતીકના કાસ્ટિંગની પ્રક્રિયા ક્લે મોડેલિંગ/કોમ્પ્યુટર ગ્રાફિકથી લઈને બ્રોન્ઝ કાસ્ટિંગ અને પોલિશિંગ સુધીની તૈયારીના આઠ જુદા જુદા તબક્કામાંથી પસાર થઈ છે.

# તંત્રી સ્થાનેથી...

## સરકારના અનેક નિર્ણયોને કારણે શ્રીલંકાનું આર્થિક સંકટ વધતું ગયું

*શ્રીલંકામાં પરિસ્થિતિ એટલે પણ વણસી ગઈ કારણ કે આ એક નાનકડો દ્વીપ છે, જે મોટા ભાગની વસ્તુઓની આપૂર્તિ માટે વિદેશથી આયાત પર નિર્ભર છે. શ્રીલંકામાં વધતી જતી કિંમતો અને જરૂરિયાતના સામાનની અછતના વિરોધમાં ઘણા સમયથી વિરોધપ્રદર્શન ચાલી રહ્યાં છે. પ્રદર્શનમાં ભાગ લેવા માટે દેશના ઘણા ભાગોથી લોકો કોલંબો પહોંચ્યા છે. પ્રદર્શનકારી રાષ્ટ્રપતિ રાજપક્ષેના રાજીનામાની માગ કરી રહ્યા હતા. શ્રીલંકા પાછલા ઘણા દાયકાના સૌથી મોટા આર્થિક સંકટનો સામનો કરી રહ્યો છે. દેશમાં પેટ્રોલ, ખાવા-પીવાની વસ્તુઓ અને દવાની અછત થઈ ગઈ છે. આ દરમિયાન વડા પ્રધાન રનિલ વિક્રમસિંઘેએ પરિસ્થિતિ પ્રમાણે નિર્ણય લેવા માટે પાર્ટીના નેતાઓની તાત્કાલિક બેઠક બોલાવી છે. તેમણે સ્પીકરને સંસદનો સત્ર બોલાવવાની પણ વિનંતી કરી છે. શ્રીલંકામાં આકાશ આંબતી મોંઘવારી સાથે ખાવાપીવાનો સામાન, ઈંધણ અને દવાઓની અછતના વિરોધમાં શનિવારે સરકાર વિરુદ્ધ રેલીનું આયોજન કરાયું છે. વિરોધપ્રદર્શનને વિપક્ષ, ટ્રેડ યુનિયનો, છાત્ર અને ખેડૂત સંગઠનોનું સમર્થન મળ્યું છે. આ પહેલાં સરકારે પાટનગર કોલંબો અને તેની આસપાસના વિસ્તારોમાં થનાર આ રેલી પહેલાં કર્ફ્યૂ લાદી દીધો હતો. શ્રીલંકામાં આર્થિક સંકટ ત્યાંનું વિદેશી ચલણનું ભંડોળ ઝડપથી ખૂટી જવાના કારણે પેદા થયો છે. ઘણા લોકોનો આરોપ છે કે આવું થવા માટે સરકારના આર્થિક ક્ષેત્રના આયોજનમાંત્રુટી અને કોરોના મહામારીની અસરના કારણે થયું છે. વિદેશી ચલણ ભંડારની કમીના કારણે શ્રીલંકા જરૂરિયાતના સામાનની આયાત નથી કરી શકી રહ્યું, જેમાં તેલ, ખાવા-પીવાનો સામાન અને દવા જેવી વસ્તુઓ સામેલ છે.*

*આ વર્ષે મે માસમાં તેઓ ઈતિહાસમાં પહેલી વાર પોતાના દેવાનો હપ્તો ચૂકવવા બાબતે નિષ્ફળ રહ્યું હતું. તે સમયે શ્રીલંકાએ સાત કરોડ ૮૦ લાખ ડૉલરની ચુકવણી કરવાની હતી પરંતુ ૩૦ દિવસ વધુ સમય અપાયા છતાં પણ તે ચુકવણી ન કરી શક્યું. શ્રીલંકાને ૧૯૪૮માં બ્રિટન પાસેથી આઝાદી મળી ત્યારથી સૌથી ખરાબ આર્થિક કટોકટીનો સામનો કરી રહ્યો છે અને ઘણા નિષ્ણાતોએ વર્તમાન સંકટને આર્થિક ગેરવહીવટને આભારી ગણાવી છે. એપ્રિલની શરૂઆતથી સમગ્ર દેશમાં ફેલાઈ રહેલા વિરોધ વચ્ચે ૯ મેના રોજ વર્તમાન વડા પ્રધાન અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ મહિંદા રાજપક્ષેએ રાજીનામું આપ્યું ત્યાં સુધીમાં ઘણી જાનહાનિ નોંધાઈ છે. મહિંદા વર્તમાન રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષેના મોટા ભાઈ છે. જોકે રનિલ વિક્રમસિંઘે છઠ્ઠી વાર શ્રીલંકાના વડા પ્રધાન બન્યા છે. મહિંદા સંસદમાં સૌથી યુવા સાંસદ તરીકે ૧૯૭૦માં પ્રથમ વખત ચૂંટાયા હતા. ત્યાર બાદ ૧૯૮૦ના દાયકામાં મહિંદા અને તેમના મોટા ભાઈ ચમલ બંને સંસદમાં ચૂંટાયા હતા. મહિંદાએ ૧૯૮૭-૮૯માં થયેલા ડાબેરી વિદ્રોહ સામે માનવાધિકારના ઉલ્લંઘનની નિંદા કરવા બદલ લોકપ્રિયતા મેળવી હતી, જેમાં તેમણે યુએનને હસ્તક્ષેપ કરવાની અપીલ કરી હતી. ૧૯૯૪માં દેશનાં રાષ્ટ્રપતિ ચંદ્રિકા કુમારતુંગાની સરકારમાં તેઓ શ્રમમંત્રી બન્યા હતા. દસ વર્ષ પછી તેઓ વડા પ્રધાન બન્યા અને ૨૦૦૫માં પાતળી સરસાઈ સાથે રાષ્ટ્રપતિપદ મેળવ્યું. મહિંદા બે ટર્મ (૨૦૦૫-૧૫) માટે શ્રીલંકાના પ્રમુખ તરીકે રહ્યા હતા. ૨૦૦૯માં, તેમણે ૩૦ વર્ષથી ચાલ્યા આવતા તામિલ અલગાવવાદીઓ સાથેના ગૃહયુદ્ધનો અંત આણ્યો હતો. માનવ અધિકારોના ઉલ્લંઘનના આક્ષેપો વચ્ચે તેમની જીત થઈ હતી.*

## પત્ની મતદાન કરવા માટે ઘરે સ્લીપ માગવા ગઈ, પતિએ ટ્રીપલ તલાક આપ્યા

ઈન્દોર,તા.૧૧

મધ્યપ્રદેશના ઈન્દોરમાં મતદાન કરવા માટે વોટિંગની કાપલી લેવા ઘરે ગયેલી મહિલાને ટ્રિપલ તલાક આપવાનો મામલો સામે આવ્યો છે. હકીકતમાં, ૬ જુલાઈના રોજ, જ્યારે એક મહિલા ઈન્દોરમાં યોજાયેલી મ્યુનિસિપલ ચૂંટણીમાં મતદાન કરવા માટે વોટિંગ સ્લીપ લેવા તેના પતિના ઘરે પહોંચી ત્યારે તેને દરવાજા પર જ તેના પતિએ છૂટાછેડા આપી દીધા. આવી સ્થિતિમાં તે મતદાન ન કરી શકી અને છૂટાછેડાના નામે તેના માથે મુસીબત આવી તે અલગ.

આ મામલો ઈન્દોરના એમઆઈજી પોલીસ સ્ટેશનનો છે. આ વિસ્તારમાં રહેતા સાદિક ખાનના નામ પર તેની પત્નીએ તેને વોટ ન આપવા અને તલાક આપવાનો કેસ દાખલ કર્યો છે. હકીકતમાં પારિવારિક વિવાદને કારણે એકાઉન્ટન્ટ સાદિક ખાન અને તેની પત્ની ચાર મહિનાથી અલગ રહેતા હતા. મહિલાનો આરોપ છે કે જ્યારે તે ૬ જુલાઈના રોજ મ્યુનિસિપલ ચૂંટણીમાં મતદાન કરવા માટે તેના સાસરિયાના ઘરે વોટર સ્લિપ લેવા ગઈ હતી, ત્યારે તેના પતિએ તેને ફ્લેટ પોતાના નામે કરવા દબાણ કર્યું હતું અને મતદાનની સ્લીપ આપવાનો ઈનકાર કર્યો હતો.

મહિલાએ આરોપ લગાવ્યો છે કે તેના પતિ સાદિકે દરવાજા પર ત્રણ વાર તલાક બોલ્યા બાદ તેને હંમેશા માટે છોડી દીધી હતી. તમને જણાવી દઈએ કે થોડાક વર્ષ પહેલા તેમના લગ્ન થયા હતા અને ૪ મહિના પહેલા બંને વચ્ચે ઝઘડો થયો હતો. જેના કારણે બંને અલગ રહેતા હતા.

## વડાપ્રધાન મોદીએ પણ શ્રીલંકાના રાષ્ટ્રપતિની જેમ ભાગવું પડશેઃ ટીએમસીના ધારાસભ્ય

કોલકતા,તા.૧૧

શ્રીલંકાના રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષે સાથે જે બન્યું છે, તે જ અહીં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે થશે. પ્રધાનમંત્રી મોદી ભારતમાં સંપૂર્ણ નિષ્ફળ છે, તે શ્રીલંકા કરતા પણ ખરાબ હશે અને વડાપ્રધાન મોદીએ પણ રાજીનામુ આપીને દેશ છોડીને ભાગી જવું પડશે. આવું વિવાદાસ્પદ નિવેદન ટીએમસીના એક ધારાસભ્યે આપ્યું છે. શ્રીલંકા અત્યારે સૌથી ભીષણ આર્થિક સંકટ સામે ઝઝુમી રહ્યું છે. દેશના નાગરિકો લાંબા સમયથી રસ્તા પર ઉતરીને લડત આપી રહ્યા છે.લોકોના આક્રોશને પારખીને તાજેતરમાં રાષ્ટ્રપતિ ગોટાબાયે રાષ્ટ્રપતિ ભવન છોડીને ભાગી ગયા છે શ્રીલંકામાં મચેલા હોબાળા અને અસ્થિરતાના માહોલ વચ્ચે ભારતમાં રાજકીય નિવેદનબાજી શરૂ થઇ ગઇ છે. વિપક્ષના લોકોએ શ્રીલંકાની હાલતના બહાને મોદી સરકાર પર હુમલા કરવાનું શરૂ કર્યું છે. પશ્ચિમ બંગાળની સત્તાધારી પાર્ટી તૃણમુલ કોંગ્રેસના ધારાસભ્ય ઈદરીશ અલીએ કહ્યુ છે કે એક દિવસ એવો આવશે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ શ્રીલંકાના રાષ્ટ્રપતિની જેમ ભાગવું પડશે. થોડા સમય પછી ભારતમાં પણ આવો હોબાળો મચશે. સરકાર સામે વિરોધ કરવાનો વિપક્ષનો અધિકાર છે, પરંતુ વિરોધના નામે આ રાજકારણીઓ કઇ પણ લવારા કરી દેતા હોય છે.શ્રીલંકામાં ગુસ્સે ભરાયેલા લોકોએ રાષ્ટ્રપતિ ભવનનો કબ્જો કરીને અંદર ઘુસી ગયા હતા અને કરોડો રૂપિયાની રોકડ ગણવવાની શરૂ કરી દીધી હતી. કેટલાંક લોકો રાષ્ટ્રપતિના બેડરૂમમાં ઘુસીને આરામ કર્યો હતો તો કેટલાંકે સ્વીમીંગ પુલની પણ મજા માણી હતી.

# ગુરૂ વચનામૃત...

## ગુરૂના જ્ઞાનરૂપી પ્રકાશ વિના માયાનો અંધકાર દૂર થતો નથી.




ભવ્ય ઈમારત,કુટુંબ-પરીવાર આ સઘળી માયા છે,જે દ્રશ્યમાન છે તે તમામ વિનાશી અને હરતી ફરતી છાયા છે,જગતમાં જે જે વસ્તુઓ છે તે પ્રભુ તણી માને છે તે જ કમળવત નિર્લેપ રહીને આ જગતનો સાર જાણે છે.જ્યાં સુધી ગુરૂ ના દેખાડે ત્યાં સુધી પ્રભુનું રૂપ કોઇ સમજી શકતો નથી,માયાનો ઘુંઘટ ના હટાવે ત્યાં સુધી તે સામે આવતા નથી.જ્યાં સુધી ગુરૂ સમજાવે ના ત્યાંસુધી આ વાત કોઇ સમજી શકતું નથી.જ્યાં સુધી કૃપાળુ ગુરૂ કૃપા ના કરે ત્યાંસુધી કોઇ પ્રભુને પામે શકતો નથી.પ્રભુ માયાની ઓઢી ચુંદડી સદગુરૂ બનીને આવે છે.માયાથી જે પ્રિત કરતો નથી અને પ્રભુથી સાથે જીવન દોર બાંધે છે,કહે "અવતાર એ પૂરો જ્ઞાની કે જુએ પ્રભુને ચારે કોર..

તમામને ભ્રમિત કરવાવાળી માયા ભક્તોને ભ્રમિત કે લિપ્ત કરી શકતી નથી.સંતોનાં વચન માયાસક્ત લોકોની જેમ આચરણહીન હોતાં નથી.સંત પણ માયામાં જ રહે છે,તેમનું ખાવું-પીવું અને પોષણ પણ માયાથી જ થાય છે પરંતુ તે માયા સાથે નહી પરંતુ માયાપતિ પ્રભુ સાથે પ્રેમ કરે છે.માયાનો અંધકાર બ્રહ્મજ્ઞાનના પ્રકાશને પ્રભાવિત કરી શકતો નથી.

જેવી રીતે ફુલ પોતાના નિકટવર્તી કાંટાઓની પરવાહ કરતું નથી તેવી જ રીતે પ્રભુના ભક્ત પણ દુનિયાની ચિન્તા કરતા નથી.ભક્તોની વાણી ક્યારેય વ્યર્થ અને આચરણહીન હોતી નથી.સંસારમાં તે જલકમલવત રહે છે.જેવી રીતે ચંદન વાંસમાં રહેવા છતાં પોતાની સુગંધ છોડતું નથી તેવી જ રીતે ભક્તો દુનિયામાં રહેવા છતાં હરિનામને છોડતા નથી.શ્વાસે શ્વાસે પ્રભુ સુમિરણ અને ધ્યાન કરતા રહે છે.જેમ જલમુર્ગી પાણીમાં રહેવા છતાં પાણીમાં લિપ્ત થતી નથી તેવી જ રીતે તમામને ભ્રાંત કરનારી માયા ભક્તોને ભ્રમિત કરતી નથી.

ગુરૂના જ્ઞાનરૂપી પ્રકાશ વિના માયાનો અંધકાર દૂર થઇ શકતો નથી.ગુરૂજ્ઞાન વિના રહસ્ય રહસ્ય જ રહી જાય છે.માયાનો અંધકાર પાર કરી વિવેકરૂપી દિપક લઇ પોતાનો વાસ્તવિક માર્ગ શોધી લેવાની જરૂર છે.તમામના પ્રકાશક અને અંતર્યામી સર્વશક્તિમાન પરમેશ્વર પૂર્વકલ્પમાં અન્ય કોઇની સહાયતા વિના પોતાની માયાથી આ જગતને પોતાનામાંથી ઉત્પન્ન કરે છે,તેમાં જીવરૂપમાં વિહાર કરે છે અને કલ્પના અંતમાં વિશ્વને પોતાનામાં જ લીન કરી લે છે.

પોતાની ઈન્દ્રિયોને વશમાં ન રાખવાવાળો પુરૂષ જયારે માયાની કોઇ પણ આકર્ષક વસ્તુને જુવે છે તો તેના તરફ આકર્ષિત થઇ જાય છે અને ઘોર અંધકારમાં,નરકમાં પડીને પોતાનું સત્યાનાશ કરી દે છે.જે મૂઢ વ્યક્તિ તન મન ધનના માયિક પદાર્થોમાં ફસાઇને પોતાની તમામ ચિત્તવૃત્તિઓ તેના ઉપભોગના માટે જ વાપરે છે તે પોતાની વિવેક બુધ્ધિ ખોઇને પતંગિયાની જેમ નષ્ટ થઇ જાય છે.

ભગવાનની માયા (સંસાર)માં મમતા કરીને જીવો ફસાય છે અને જન્મ મરણના ચક્કરમાં ફસાઇ જાય છે પરંતુ જે જીવો માયાપતિ પરમાત્માને જાણીને માનીને તેમના શરણમાં આવી જાય છે તેઓ માયાને તરી જાય છે.

સતત પ્રભુ સુમિરણ અને પ્રભુ શરણમાં રહો તો જ માયા પજવી શકશે નહિ.બ્રહ્માકાર મનોવૃત્તિથી માયાનું આવરણ દૂર થાય છે.સંસાર એ માયામય છે,આ માયામાં આવ્યા પછી ઈશ્વરને પણ ગુરૂની જરૂર પડી છે.

મોહ અમારી આંખોની સામે એવું આવરણ લાવી દે છે કે જેના કારણે અમે વસ્તુના વાસ્તવિક સ્વરૂપને જોઇ શકતા નથી.આ મોહ માયાની મુખ્ય શક્તિ છે.પરમાત્માએ મોહનું સર્જન એક વિશેષ ઉદ્દેશ્યના માટે કર્યું છે.માયાનો સહારો લઇને જ પરમાત્મા સૃષ્ટિની રચના કરે છે તેને જ અવિદ્યા-માયા કહેવામાં આવે છે.જે સત્યની ઉપર એવું આવરણ લાવી દે છે કે જેથી મનુષ્ય સત્યનું વાસ્તવિક સ્વરૂપ જોઇ શકતો નથી. માયાનું આ બીજું રૂપ મોહ છે તેના કારણે જ મનુષ્ય પોતાનું વાસ્તવિક સ્વરૂપ ભૂલી જાય છે.તે ભૂલી ગયો છે કે તે દેહ નથી પરંતુ પરમાત્માનો સનાતન અંશ આત્મા છે.ભ્રમવશ તે દેહને જ પોતાનું વાસ્તવિક સ્વરૂપ માનીને અનેક પ્રકારના કષ્ટ ભોગવે છે.

માયાના,ઈશ્વરના તથા પોતાના સ્વરૂપને ભિન્ન ભિન્ન જાણે તે જીવ કહેવાય અને જે બંધન મોક્ષ આપનાર,સર્વનો નિયંતા તથા માયાનો પ્રેરક છે તે ઈશ્વર કહેવાય છે.જે ભૌતિક માયાની સાથે નહી પરંતુ પ્રભુની સાથે પ્રેમ કરે છે તે જ સાચા સંત છે.જીવનો જન્મ થયો કે માયા એને સ્પર્શ કરે છે.સંસારમાં માયા કોઈને ય છોડતી નથી.આ જીવ પરમાત્મા સાથે પ્રેમ કરે તો માયા છૂટે અને સુખી થાય પણ જીવ પરમાત્મા સાથે પ્રેમ કરતો નથી.

હું (દેહમાં અહમભાવ) અને મારૂં-તારૂં એ માયા છે કે જેનાથી જીવોના સમુહો વશ થઇને રહ્યા છે.જે જે ઈન્દ્રિયો તથા મનના વિષયરૂપ છે તે તમામ માયા છે.માયાના બે ભેદ છેઃવિદ્યા અને અવિદ્યા.વિદ્યા કે જેના વશમાં ગુણ છે અને જેથી જગતની રચના થાય છે,તે પ્રભુની પ્રેરેલી છે,તેનું પોતાનું કોઇ બળ હોતું નથી.અવિદ્યા મલિન હોવાથી દુષ્ટ છે,અત્યંત દુઃખરૂપ છે અને જીવની ઉપાધિ છે કે જે ઉપાધિના લીધે જીવ સંસારરૂપી કૂવામાં પડ્યો છે. માયા જ્યાં જઈએ ત્યાં સાથે આવે છે.કોલસાની ખાણમાં ઉતરે અને હાથ ચોખ્ખા રહે તે અશક્ય છે. સંસારમાં માયાના સંસર્ગમાં આવવું જ પડે છે.આ સંસાર માયામય છે.સંસારમાં માયા વિના કોઈ કામ થતું નથી.માયાનો ઉપયોગ કરો પણ પોતાના સ્વરૂપને ન ભૂલો.માયાને આધીન ન બનો.જે માયાને આધીન છે તેને માયા ત્રાસ આપે છે પણ જે માયાનો વિવેકથી ઉપયોગ કરે છે તેને માયા મદદ કરે છે.ગીતામાં કહ્યું છે કે મારી આ ગુણમયી માયાને તરવી ઘણી મુશ્કેલ છે પરંતુ જે મારે શરણે આવે છે તે વિના પ્રયાસે આ માયાને તરી જાય છે.(ગીતાઃ૭/૧૪) (નિરંકારી સદગુરૂ માતા સુદીક્ષાજી મહારાજના પ્રવચનમાંથી સાભાર)

વિનોદભાઇ માછી
નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

## દેશ સમક્ષ સામાજિક અંતર, ગરીબી, લૈગિક અસમાનતા જેવા કેટલાક પડકાર છે, જેને દૂર કરવાની જરૂરત છે

**કેટલાક લોકો ભારતની પ્રગતિ પચાવી શકતા નથી, દુનિયા ફરી ભારતનું સન્માન કરી રહી છે : ઉપરાષ્ટ્રપતિ**



નવીદિલ્હી,તા.૧૧

ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુએ ભાર આપીને કહ્યું કે, ભારત દુનિયાનો સૌથી સહિષ્ણુ દેશ છે. દેશમાં ધર્મનિરપેક્ષતા સુરક્ષિત છે અને તે કોઈ સરકારના કારણે નહીં, પરંતુ એટલે છે કે અહીં રહેનારી દરેક વ્યક્તિની લોહી અને ધમનીઓમાં આ ભાવના વહે છે. વેંકૈયા નાયડુએ તેની સાથે જ પ્રાથમિક શિક્ષણ માતૃ ભાષામાં આપવાનું સમર્થન કર્યું હતું. તેમણે કહ્યું કે, આપણો દેશ મહાન છે. સૌભાગ્યથી ભારત ફરી એ દિશામાં આગળ વધી રહ્યો છે અને દુનિયા હવે તેને માની રહી છે અને ફરી એક વખત ભારતનું સન્માન કરી રહી છે.વેંકૈયા નાયડુએ કહ્યું કે,આપણને કોઈ નજરઅંદાજ નહીં કરી શકે. જોકે કેટલાક લોકો અહીં ત્યાં નાની વસ્તુ લખી શકે છે. તેની ચિંતા કરવાની જરૂરિયાત નથી. કેટલાક લોકો ભારતની પ્રગતિ પચાવી શકતા નથી, તેઓ અપચાનો શિકાર છે, આપણે તેમની મદદ નહીં કરી શકીએ. માઉન્ટ કાર્મેલ ઈન્સ્ટિટ્યુશનની પ્લેટિનમ જુબલી' પર અહીં આયોજિત કાર્યક્રમને સંબોધિત કરતા ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુએ આરોપ લગાવ્યો કે, પશ્ચિમી મીડિયા ભારત બાબતે ખૂબ જ નકારાત્મક સમાચાર આપી રહી છે.તેમણે કહ્યું કે, તેઓ આ દેશ અને અહીંના લોકો દ્વારા અલગ અલગ વિસ્તારમાં હાંસલ કરવામાં આવી રહેલી મોટી ઉપલબ્ધિઓ ભૂલી જાય છે. તેમણે સ્વીકાર્યું કે, દેશ સમક્ષ સામાજિક અંતર, ગરીબી, લૈગિક અસમાનતા જેવા કેટલાક પડકાર છે, જેમને દૂર કરવાની જરૂરિયાત છે. ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુએ કહ્યું કે, ભારત ઔપનિવેશક શાસનમાં વિશ્વાસ કરતો નથી કે તે બીજા દેશ પર પોતાની મરજી થોપતો નથી. કોઈ દેશ પર હુમલો ન કરવાનો ભારતનો લાંબો ઈતિહાસ રહ્યો છે.તેમણે કહ્યું કે, ભારત દુનિયાનો સૌથી સહિષ્ણુ દેશ છે, જેના પર કોઈ પણ ભરોસો કરી શકે છે. લોકો ધર્મનિરપેક્ષતા પર ચર્ચા કરે છે. ધર્મનિરપેક્ષતા સુરક્ષિત છે,એટલે નહીં કે સરકાર કે આ સરકાર, આ પાર્ટી કે તે પાર્ટી એમ ઈચ્છે છે, પરંતુ આ એટલે છે કેમ કે અહીંના દરેક વ્યક્તિની લોહી અને ધમનીઓમાં તે છે અને એ બધાએ સમજવું જોઈએ.

**આજે જાટ, ગુર્જર, સૈની બની રહ્યા છો, તો હવે તમે હિન્દુ બની જાઓ.:**

## ભાજપના ધારાસભ્ય પથ્થરની પેટી, પાવડાની બેટ અને ૨ પિસ્તોલ રાખો

**મંચ પર હાજર નેતાઓએ રોકવાનો પ્રયત્ન કર્યો, તો વિક્રમ સૈની બોલ્યા – 'આજે મને બોલવા દો, પેપરમાં છાપી દો,**

મુઝફ્ફરનગર,તા.૧૧

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરની ખતૌલી સીટ પરથી ભાજપના ધારાસભ્ય વિક્રમ સૈની એક વિવાદાસ્પદ નિવેદનને કારણે ચર્ચામાં આવી ગયા છે. સોશિયલ મીડિયા પર વાયરલ એક વીડિયોમાં ધારાસભ્ય શહેરના વેપારીઓને સુરક્ષાની ટિપ્સ આપતા જોવા મળી રહ્યા છે. ધારાસભ્ય સૈનીએ કહ્યું કે, પોત-પોતાની દુકાનોમાં પથ્થર, પાવડા અને પિસ્તોલ રાખો. પોલીસ ક્યાં સુધી કામ કરશે. પોલીસ જ્યાં સુધી આવે છે ત્યાં સુધીમાં તો તમારી દુકાનોમાં આગ લગાવી દેવામાં આવે છે.

જાનસઠ તહસીલ વિસ્તારના વાજિદપુર કવાલી ગામમાં ખતૌલીના ધારાસભ્યએ આ ઉશ્કેરણીજનક નિવેદન આપ્યું. ઉત્તર પ્રદેશ વિધાનસભામાં યોજાયેલી ૨૦૨૨ની ચૂંટણીમાં મોટી સંખ્યામાં બહુમતી સાથે જીત મેળવવા પર કેન્દ્રીય રાજ્ય મંત્રી સંજીવ બાલિયાન અને ખતૌલી વિધાનસભા સીટના ભાજપના ધારાસભ્ય વિક્રમ સૈનીનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ભાજપના ધારાસભ્ય વિક્રમ સૈનીએ મંચ પરથી ગ્રામજનોને સંબોધિત કરતી વખતે વિવાદાસ્પદ ભાષણ આપી દીધું, જે ભાષણ ત્યાં ઉપસ્થિત વ્યક્તિઓમાંથી કોઈએ પોતાના મોબાઈલમાં કેદ કરીને સોશિયલ મીડિયા પર વાયરલ કરી દીધું.

વાસ્તવમાં, ધારાસભ્યએ કહ્યું, 'પોતાની દુકાનોમાં એક-બે પેટી પથ્થર, ૪-૫ પાવડાની બેટ (ખેતીનું સાધન) અને બે પિસ્તોલ રાખો. પોલીસ ક્યાં સુધી કામ કરશે. પોલીસ છે જ ક્યાં. જ્યાં સુધીમાં પોલીસ આવે છે ત્યાં સુધીમાં તમારી દુકાનોમાં આગ લગાડી દેવામાં આવે છે. ઘરોમાં આગ લગાડી દેવામાં આવે છે.

જયારે મંચ પર હાજર નેતાઓએ રોકવાનો પ્રયત્ન કર્યો, તો વિક્રમ સૈની બોલ્યા – 'આજે મને બોલવા દો, પેપરમાં છાપી દો, કે પછી ટીવીમાં બતાવો. '૫ વર્ષ સુધી તો મને કોઈ હટાવી નહીં શકે, આગળ મારી કોઈ ઈચ્છા નથી.' પછી તેઓ આગળ બોલ્યા કે એક ઘટનાથી સમગ્ર વાત સમજી લેવી જોઈએ. આજે જાટ, ગુર્જર, સૈની બની રહ્યા છો, તો હવે તમે હિન્દુ બની જાઓ. હિન્દુઓ તમે પણ દેશભક્ત બની જાઓ અને મુસલમાનો પણ દેશભક્ત બની જાય.

વિક્રમ સૈની એટલું બોલીને જ નહીં અટક્યા, તેઓ ઉદયપુર કાંડ પર પણ બોલ્યા, 'મને તો બોલવા માટે ના કહેવામાં આવ્યું છે, ફોન આવી ગયો હતો. હવે ગોળી ચાલી રહી છે, છરા ચાલી રહ્યા છે. તેમણે કહ્યું કે ગરદન બચાવવી છે તો એક થઈ જાઓ.'

## બ્રિટનના પ્રોફેસર રોબર્ટ ફ્રેઝર માટે હવેલી લેતાં ગુજરાત ખોવા જેવો ઘાટ થયો

માણસ પરિવારનું ભરણપોષણ કરવા માટે નોકરી, ધંધો, વ્યવસાય કરે છે. કેટલાક ઓનલાઇન તો કેટલાક લોકો ઓફલાઈન નોકરી કરે છે. મેડીકલ રીપ્રેઝન્ટેટીવ ઉનાળામાં કૌન બનેગા કરોડપતિની હોટ સીટ( જે ખરેખર હોટ હોતી નથી) જેમ બાઇકની હોટમ્ હોટ સીટ પર બેસીને ડોકટરે, કલિનિકો, હોસ્પિટલે ફરી ફરીને દવા, ગોળીઓ, ઈન્જેકશન્સ, મેડીકલ ઈકવિપમેન્ટના ઓર્ડરો કમિશન આપીને મેળવે છે!! પાનના ગલ્લાવાળા, સફાઇ કામદાર,ઝેરોકસવાળા વગેરે તનતોડ મહેનત કરે છે. સરકારી બાબુઓ એસીમાં બેસીને ફાઇલોમાં માથા પચ્ચીસી કરે છે.

તમે એક વાતે સંમત થશો કે કોઇને પણ પોતાના પગારથી સંતોષ હોતો નથી. કલેકટર , ડીએસપી કે મુખ્ય સચિવ કે આપણા હાલના રાષ્ટ્રપતિ અને ભૂતપૂર્વ થનાર કોવિદ સાહેબને પણ મળતા પાંચ લાખ રૂપિયાના પગારથી સંતોષ નથી!! હવે તકલીફ એ છે કે રાષ્ટ્રપતિ ફરજો દરમિયાન કે નિવૃત થયા પછી પાર્ટ ટાઇમ નોકરી-વ્યવસાય કરી શકતા નથી.) સુપ્રિમ કોર્ટમાં વકીલાત કરી શકે પણ કલાયન્ટસ મળવા જોઇએ ને?) મુખ્યમંત્રીને શાંતિ છે કે મુખ્ય મંત્રીની ખુરશી પર ઉતર્યા પછી નાયબ મુખ્યમંત્રી ( ?અનૈચ્છિક કે ઐચ્છિક) બની શકાય છે. મંત્રી પણ બની શકાય છે. ( ઉદાહરણ તરીકે પરમ ભગવદીય સ્વ.બાબુભાઇ જશુભાઇ પટેલ મુખ્યમંત્રીપદેથી ઉતર્યા પછી માત્ર ને માત્ર નર્મદા યોજના માટેની અનન્ય પ્રીતિને લીધે નર્મદામંત્રી બનેલ. તેમની ઓફિસમાં ફોન કરો કે પીએ હોય કે ન હોય જાતે ફોન ઉંચકીને કહે કે બા.જ. પટેલ બોલું છું. સફળ અને સશકત મુખ્યમંત્રીશીપ પૂરી થયા પછી અમદાવાદ-ગાંધીનગરની ડબલ ડેકર બસમાં ટિકિટ ખરીદીને મુસાફરી તરતા જોયા છે!!સાદગીનું વિરલ દ્રષ્ટાંત હતા!!!બાકી પૂર્વ સરપંચશ્રી કે સરપંચશ્રીનું લાલ બોર્ડ લગાવીને ફરનારા નાની સંખ્યામાં નથી હોં કે!!

ઘણા લોકો કામ અને પગારને અલગ અલગ માને છે. તેમની અપરિહાર્ય માન્યતા મુજબ કચેરીમાં જઇને કે ગયા વગર રોટલાપત્રક( હાજરીપત્રક વ્યવહારિક નામ) માં સહી કરવા કે કાર્ડ જાતે કે અન્યો મારફતે સ્વાઇપ ( બોલચાલની ભાષામાં કાર્ડ ઘસવા) કરવાનો દરમાયો એટલે પગાર. ઘણા બાબુઓ પગારને ચણામમરા તુલ્ય માને છે. વાસ્તવમાં તેમની માન્યતા ક્ષતિયુકત છે. કેમ કે, ચણા મમરાના ભાવ પગારની રકમ કરતા વધુ હોય છે. !!!એટલે તેઓશ્રીઓ સાઇડ ઈનકમ- પ્રેકટિસ ફી યથાતથ કમાય છે!! ઘણીવાર સાઇડ ઈનકમ મેઇન ઈનકમ કરતાં ક્યાંય આગળ નીકળી જાય છે, એ વાત અલગ છે!!!

આપણે ત્યાં પેઢી દર પેઢીથી ખેતીની સાથે પૂરક વ્યવસાય પશુપાલન છે. ઘણા લોકો નોકરી સાથે ફટાકડા, પતંગ , નમકીન વગેરે વેચતા હોય છે. નોકરીની સાથે પત્નીના નામે એલઆઇસી એજન્સી, હર્બોલાઇટ ( જે પાવડર વજન ઘટાડવા આપે એ જ પાવડર વજન વધારવા આપે. નવાઇ ન કહેવાય? કંપની ૪૦% જેટલું તગડું કમિશન આપે એટલે પેલો એજન્ટ જેનુંતેનું ગીલોટીન કરે. ગીલોટીન એ ફ્રેન્ચ શબ્દ છે. તેનો અર્થ સામુહિક કત્લ છે. વિધાનસભામાં જે માંગણીઓ ચર્ચા માટે ગૃહમાં રજૂ ન કરવામાં આવે તેવી તમામ માંગણી ગિલોટીનથી મંજૂર કરવામાં આવે છે!!!) વગેરે વેચે છે. ટાઇપિસ્ટ કે સ્ટેનો ખાનગી ટાઇપકામ સરકારી ટાઇમમાં કરે છે. અમારા હિતેશભાઇ રાવલ, શેખભાઇ, પ્રકાશલાલા, સુરેશ પારધી, અપ્સર સૈયદ એકટિંગ વચ્ચે છૂટક નોકરી કરી લેતા હતા !!!

કેટલાક લાભંશંકર , સિધ્ધપુરા કે કશ્યપભાઇ જેવા નોકરીની સાથે ટ્રાવેલ્સ કંપની પણ ચલાવી લે. શિક્ષકો ટયુશન કરે, ખાતર વેચે જમીનની લેવેચ કરે. પ્રોફેસરો એનજીઓ ચલાવે,પુસ્તકો લખે, ટયુશન કરે. ટુંકમાં પેટ કરાવે વેઠ.આમ, તો નોકરી સાથે પૂરક વ્યવસાય માટે સૌ આંખ આડા કાન કરે છે. ક્યારેક પોતાના પુત્રની પેઢીમાંથી કોમ્પ્યુટર પેરીફિલ્સ ખરીદનાર નોકરીથી હાથ ધોઇ બેસે છે!!

હમણા એક પ્રોફેસરે બુલેટ ટ્રેનની વધતી જતી સ્પીડે મોંઘવારી વધે છે. મોંઘવારીમાં પગાર ઝાંકળ જેવો પુરવાર થાય છે. બ્રિટનની ઓકમિડ ટેકનોલોજી કોલેજના પ્રોફેસર રોબર્ટ ફ્રેઝર પાઉન્ડના પગાર ઉપરાંત વધારાના શિલિંગ-પેન્સની કમાણી કરવા યુવતીની જેમ સિટ્રપ્ટીઝ શો કરી થોડા પાઉન્ડ કમાતા હતા. રોર્બટ ફ્રેઝરની કોલેજના વિધાર્થી આ શો જોવા ગયેલો. પ્રોફેસર સવારમાં કોલેજે જે કપડાં પહેરીને આવતા હતા તે કપડા વન બાય વન ઉતારી હવામાં ફંગોળતા. પ્રોફેસરની છાપ ધાર્મિક અને હોશિયારની હતી.તે લોકપ્રિય પણ હતા. પેલા વિધાર્થી માટે પ્રોફેસર આઇકોન હતા. તેની માન્યતા નેસ્તનાબુદ થતાં તેણે કોલેજ મેનેજમેન્ટને જાણ કરી. કોલેજે તેને ગડગડિયું પકડાવી દીધું !!

રોબર્ટ ફ્રેઝર માટે હવેલી લેતાં ગુજરાત ખોવા જેવો ઘાટ થયો!!!

ભરત વૈષ્ણવ
૧૦.૭.૨૦૨૨.

## ભ્રમણા ભેટી


**એક કન્યારત્ન નામે સૃષ્ટિ,**
**એની સુડોળ હતી દેહયષ્ટિ.**
**મધ, સાકર ને શર્કરાનું મિશ્રણ**
**માનો માખણ કે મીઠીમધ મિષ્ટિ.**
**એને જોઈને બંદા ઘાયલ થયો,**
**એમ જ મોંમાથી વછૂટી સિસોટી.**
**એ પણ મારી કને આવી મને ભેટી,**
**કોઈ નાજુક લતા-વેલીવૃક્ષ પર લેટી.**
**મનના મોરલા અકારણ ટહુકી ઉઠ્યા,**
**તનમનમા થઈ લીસ્સી ઝણઝણાટી.**
**કદ કાઠીએ મારો ભાઈ જેવો દેખાય છે,**
**એટલે માડીજાયો ભાઈ ગણીને હું ભેટી.**
**ભાઈએ બહેનને કંઈ આપવું પડે કે નહીં?**
**કાપડા પેટે રૂપિયો ને પાવલી આપી છૂટી.**
**તમામ મધુર કલ્પના ભાંગીને ભૂકકો થઈ,**
**મણિબાઈ કશું કહ્યા વિના કેમ ન ભેટી?**

**ભરત વૈષ્ણવ**

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ





NOG SS NO : 0112

પ્રકાર : ગદ્ય

વિષય : દ્રષ્ટિ

શીર્ષક : દ્રષ્ટિ દોષ

છતી આંખે આંધળા, દ્રષ્ટિ દોષ ઓળઘોળ છે,
સઘળામાં દિસે દોષ , તો એ દ્રષ્ટિ કમજોર છે.

દ્રષ્ટિ એ મનુષ્ય જીવનમાં અતિ મૂલ્યવાન બાબત છે, એક જુની કહેવત છે.

'જેવી દ્રષ્ટિ તેવી શ્રુષ્ટિ'

જેવી આપણી દ્રષ્ટિ તેવુ જ બધુ દેખાય છે, દ્રષ્ટિ સારી હોય તો સારુ અને દ્રષ્ટિ ખરાબ હોય તો દુનિયા આખી ખરાબ દેખાય છે.

ઘણા લોકો દરેક બાબત માં સતત નેગેટિવ વાત જ કરતા હોય છે અને દરેક વ્યક્તિમાં દોષ જ દેખાતો હોય છે.

પ્રત્યેક વ્યક્તિ, કુટુંબ,સમાજ, ગામ કે દેશ, સાંસારિક વહેવાર કે વ્યવસાયની વાત, દુઃખ, દર્દ કે કોઇ સારી વાત હોય પરંતુ જો આ બધી બાબત માં જો માત્ર દોષ જ જુએ અને નેગેટિવ વાત જ કરે તો સમજવુ કે એ વ્યક્તિ માં દ્રષ્ટિ દોષ છે.

દુર્જનનુ કામ હમેશા દોષ શોધવાનુ હોય છે, પરંતુ સજ્જન માણસ તો ખરેખર એને કહેવાય જે દોષને ઢાંકે.

ઈર્ષા મે અંગ જલે, રંગ દેખી રીઝે નહીં,
રાગ દ્રેષ રખે બ્હોત, દ્રષ્ટિ દોષ ખડો હૈ

સારી અને સાચી દ્રષ્ટિ ન હોય તો માણસ પોતેજ પોતાને અધઃ પતન તરફ દોરી જતો નજરે પડે છે.

રચના,,,,
રાજેશભાઇ એસ વ્યાસ 'રાજ'
ધ્રુવનગર,,,,,, મોરબી

---

NOG SS No: 0078

પ્રકાર - પદ્ય

શીર્ષક - દ્રષ્ટિની કરામત

૧.
પરીક્ષા કર, પછી કહેજે મને;
દિવ્ય દ્રષ્ટિ છે જ ચોક્કસ, અંધમાં.
૨.
દ્રષ્ટિ લંબાઈ નહીં કેમેય કે;
આંખથી મન લગ મનન ઓછું પડ્યું?
૩.
ત્રિકોણીયું, સાધન તૈયાર બધા જ્યાં;
દ્રષ્ટિકોણ જ લંબાવીને બેઠી છું.
૪.
જ્યાં કૂપમંડૂકોની પડ્યા કરતી દ્રષ્ટિ, ત્યાં!
મંડૂકતાને આંધી બની ક્રાંતિ છેતરે.
૫.
અને દ્રષ્ટિમાં શું છે દ્રષ્ટિભ્રમ? ઓ ×શ્વેતા×!
તને ને મને છળે છે, બધું બરાબર?
૬.
દશ્ય પણ સૌને જુદું દેખાય, સૌને પૂછી જો;
દ્રષ્ટિને સમજાય છે એથી વધારે હોય શું ?
૭.
છે એટલાં જ દ્રષ્ટિબિંદુ ભિન્ન કે હું શું કહું !
હું કહું સવાર ને 'એ' કહે છે રાતરી, શું થઇ શકે?
૮.
લઘુ, ગુરુ કાટકોણો અંશ તો શોધ્યા ગણતરીથી;
આ દ્રષ્ટિકોણના અંશો હજી મળતા નથી ત્યારે?
૯.
મરણ બાદ પણ જોવી છે મારી આંખેં જ દુનિયા!
તો તું દ્રષ્ટિનું દાન કર, માત્ર એક એ જ ઉપાય.

- શ્વેતા તલાટી

## ખાયણાં



એક પ્રકારનું લોકગીત છે.

અલૂણા અને જયાપાર્વતી વ્રત કરતી વહુ દિકરીઓ એનો આનંદ આ ઉપવાસનાં પાંચ દિવસ સુધી લેય છે.

આ મારાં સ્વરચિત ખાયણાં છે.આપ સૌને ગમશે.

૧ ખાલી કુવામાં નાખું એક ઠીકરી,
કુળનું નામ રોશન કરશે દીકરી.
૨ લાવોને સહિયર મોબાઇલ મારો આપો,
પરણ્યાને ફોન કરું કે આનંદ સીનેમા પર મળજો.
૩ ચાઈનીઝ તો ખાધુંને પંજાબી તો ખાધું,
સાસુમાના ભાખરી શાક વિના અધૂરું.
૪ હાંડવો તો બન્યો પિઝ્ઝા
ને શક્કરપારા બન્યા પાસ્તા,
પશ્ચિમની સંસ્કૃતિએ કામણ કેવાં કીધાં
કે સંતાનો ભોળવાઈ ગયા.
૫ આજ તો તિથી પૂનમની,
ચાંદલિયો કરે ડોકિયું કે ધરતી રાણીને મળવા.
૬ ઉદરમાં ગર્ભ પાંગરે
માતા બની મક્કમ
કે દીકરી અવતરી.
૭ મેહૂલિયો આવીને જતો રહ્યો
સંદેશો કહેવડાવ્યો કે
વાવો જો વૃક્ષો તો આવીશ.
૮ શાળાએ જતું બાળક વાંકું વાંકું ચાલે
જોઈને મજૂર સરખામણી કરતો.
૯ વહુ તો ભણેને સાસુજી ભણાવે
ભણી ગણીને બંન્ને કુળ દિપાવશે.
૧૦ દીકરીને વ્હાલનો દરિયો નવ કહેશો
એ તો છે ખારો ખારો
દીકરી તો છે હસતું રમતું ઝરણું
મીઠાં મીઠાં વ્હાલથી ભરેલું.
૧૧ મારે તે બારણે લહેરાતો ગરમાળો
વેકેશનમાં નણંદ ભાણજાનો ભરગારો
કે ઘર કિલ્લોલતું
૧૨ મારે તે બારણે કેસૂડાંનો વૈભવ
જોવાને પધારે તેત્રીસ કોટિ દેવતા.
૧૩ આંબાવાડી મમાં આંબે આવી કેરી
નરેન્દ્ર મોદી લ્હેરી કે પરદેશ ઘૂમતાં
૧૪ ટેબલ ટેનીસ રમતી દીકરી
સાથોસાથ કરે માવતરની ચાકરી.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા
બિલીમોરા

## ગુજરાતમાં ફેક આઈપીએલ નેટવર્કનો ભાંડાફોડ,મહેસાણામાંથી ૪ લોકોની ધરપકડ

મહેસાણા,તા.૧૧

વડનગરના મોલીપુર ગામ ખાતે ઈન્ડિયન પ્રીમિયર લીગ(આઈપીએલ)ની માફક ચાલી રહેલી એક નકલી ક્રિકેટ લીગનો ભાંડાફોડ થયો છે. આ સમગ્ર કૌભાંડનું રશિયાથી સંચાલન થઈ રહ્યું હતું અને એક નકલી ક્રિકેટ લીગ, નકલી મેદાન, નકલી ક્રિકેટર તથા નકલી કોમેન્ટેટર પર અસલી સટ્ટો રમવાની ફિલ્મી કહાની ચાલી રહી હતી. રશિયામાં બેઠેલી એક વ્યક્તિના ઈશારા પર ચાલી રહેલા આ સમગ્ર કૌભાંડ માટે મોલીપુર ગામ ખાતે એક ફાર્મ ખરીદવામાં આવ્યું હતું અને તેને ક્રિકેટના મેદાનમાં ફેરવી દેવામાં આવ્યું હતું. તેમાં ફ્લડ લાઈટ લગાવાઈ હતી અને પીચ પણ તૈયાર કરવામાં આવી હતી. તેને આઈપીએલનું સ્વરૂપ આપવા માટે મલ્ટી કેમ સેટઅપ, કોમેન્ટ્રી બોક્સ સહિતની તમામ પ્રકારની વ્યવસ્થાઓ કરવામાં આવી હતી અને એથી પણ આગળ એક મોબાઈલ એપ પર મેચ લાઈવ પણ થતી હતી. આ માટે ગામના છોકરાઓને ભાડે રાખવામાં આવતા હતા અને તેમને પ્રતિ મેચ ૪૦૦ રૂપિયા આપવામાં આવતા હતા. સટ્ટાના ભાવ એટલે કે રેટ પ્રમાણે ગામના નકલી ક્રિકેટર્સને ક્યારે ચોગ્ગો મારવાનો છે, ક્યારે આઉટ થવાનું છે વગેરે નિર્દેશો આપવામાં આવતા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ક્રિકેટ કીટ, સ્પીકર, લાઈટ, મલ્ટી કેમેરા સેટઅપ સહિતની અનેક વસ્તુઓ જપ્ત કરી છે અને ૪ આરોપીઓની ધરપકડ કરી છે. તે ચારેય આરોપી સામે સટ્ટાબાજી, છેતરપિંડી સહિતના અનેક મામલે કેસ દાખલ કરવામાં આવ્યો છે અને રશિયામાં રહીને આ સમગ્ર નેટવર્કનું સંચાલન કરનારા વ્યક્તિની શોધખોળ હાથ ધરવામાં આવી છે. જાણવા મળ્યા મુજબ નકલી કોમેન્ટેટર હર્ષા ભોગલેના અવાજમાં ક્રિકેટ કોમેન્ટ્રી કરતો હતો. હર્ષા ભોગલેએ પોતે પણ આ રિપોર્ટને ટ્વિટ કરીને પોતે તે કોમેન્ટેટરને સાંભળવા ઈચ્છે છે તેમ લખ્યું હતું.

# રાજ્યના ૧૩ જળાશયો હાઈ એલર્ટ પર, ૭ જળાશયો એલર્ટ અને ૭ જળાશયોમાં સામાન્ય ચેતવણી

### સરદાર સરોવર જળાશયમાં ૧,૫૧,૫૮૬ એમસીએફટી પાણીનો જળસંગ્રહ થયો



ગાંધીનગર,તા.૧૧

રાજ્યમાં છેલ્લાં ચારેક દિવસથી વરસી રહેલા સાર્વત્રિક વરસાદને પરિણામે રાજ્યના ૨૦૭ જેટલી યોજનાઓમાં તા. ૧૧ જુલાઈ, ૨૦૨૨ના રોજ ૪૦.૨૪ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. સરદાર સરોવર જળાશયમાં ૧,૫૧,૫૮૬ એમસીએફટી પાણીનો જળસંગ્રહ થયો છે. જે કુલ સંગ્રશક્તિના ૪૫.૩૭ ટકા છે. રાજ્યના ૨૦૬ જેટલા જળાશયોમાં ૨,૨૪,૨૮૭ એમસીએફટી જળસંગ્રહ થયો છે.

પાણી પુરવઠા વિભાગના ફ્લડ સેલ દ્વારા જણાવ્યાનુસાર ૧૧ જળાશયો ૧૦૦ ટકા કે તેથી વધુ, ૧૮ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા, ૨૫ જળાશયો ૫૦ ટકાથી ૭૦ ટકા (સરદાર સરોવર સહિત), ૧૦૧ જળાશયોમાં ૨૫ ટકાથી ઓછો જળસંગ્રહ થયો છે. જેમાં ઉત્તર ગુજરાતના ૧૫, મધ્ય ગુજરાતના ૧૭, દક્ષિણ ગુજરાતના ૧૩, કચ્છના ૨૦ અને સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોનો સમાવેશ થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યમાં થયેલ વરસાદને પરિણામે ૧૦૦ ટકાથી વધુ જળસંગ્રહ ધરાવતા ૧૧ જળાશયો તેમજ ૯૦ થી ૧૦૦ ટકાના જળસંગ્રહ ધરાવતા બે જળાશયો મળી કુલ ૧૩ જળાશયો હાઈએલર્ટ ઉપર, ૮૦ થી ૯૦ ટકા જળસંગ્રહ સાથે ૮ જળાશયો એલર્ટ પર તથા ૭૦ થી ૮૦ ટકા ભરાયેલા ૭ જળાશયો માટે સામાન્ય ચેતવણી આપવામાં આવી છે.

હવામાન વિભાગની માહિતી પ્રમાણે ૧૨ જુલાઈએ દક્ષિણ ગુજરાતના છોડાઉદેપુર, નર્મદા, નવસારી, વલસાડ, ડાંગ જિલ્લામાં ભારે વરસાદની આગાહી છે. આ સિવાય સુરત, તાપી, ભરૂચ, વડોદરા, દમણ, દાદરા નગર હવેલી, ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, વલસાડ, મહિસાગર, સાબરકાંઠા, મહેસાણા, તો સૌરાષ્ટ્રના ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદરમાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે ડાંગ, નવસારી, વલસાદ, દાદરા નગર હવેલી, તાપી અને સુરત જિલ્લામાં ભારે વરસાદની આગાહી છે. સૌરાષ્ટ્રમાં અમરેલી અને ભાવનગર, આ સિવાય ખેડા, ભરૂચ, અમદાવાદ, નર્મદા, આણંદમાં પણ ભારે વરસાદની આગાહી છે. ગીર સોમનાથ અને જૂનાગઢમાં પણ ભારે વરસાદ પડી શકે છે.

## નવસારીઃ દશેરા ટેકરીમાં પાણી ભરાવાને કારણે ડૂબી જતા એક વૃદ્ધાનું મોત

નવસારી,તા.૧૧

નવસારીના ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને પગલે બે કાંઠે વહેતી થયેલી લોકમાતા પૂર્ણા નદીના જળસ્તરમાં વધારો થતા પુરની સ્થિતિ બની હતી. જેમાં નવસારીના નીચાણવાળા વિસ્તારોમાં લોકોના ઘરોમાં પાણી ભરાયા હતા. ખાસ કરીને શહેરના વોર્ડ નં. ૧૩ માં દશેરા ટેકરી પાસેથી પસાર થતી ખાડીમાં પણ પાણી વધતા બાલાપીર દરગાહની પાછળના ઘરોમાં પણ કેળસમા પાણી ભરાયા હતા.

જેમાં પતરાના કાચા ઘરમાં રહેતા ૭૫ વર્ષીય લખીબેન રાઠોડ બીમાર હતા અને લાકડીના સહારે ચાલતા હતા. જેઓ ઘરમાં પાણી ઘૂસવાની શરૂઆત થયા બાદ પણ નીકળ્યા ન હતા. પરંતુ જ્યારે કમર સુધીના પાણી થતા લખીબેન લાકડીના સહારે ઘરની બાજુની સાંકળી ગલીમાંથી નીકળવા ગયા હતા.

# રાજ્યમાંમોસમનો સરેરાશ ૩૬ ટકાથી વધુ વરસાદ

ગાંધીનગર,તા.૧૧

રાજ્યમાં છેલ્લા ચોવીસ કલાકમાં મોસમનો સરેરાશ ૩૬ ટકાથી વધુ વરસાદ વરસ્યો છે. છોટા ઉદેપુરના બોડેલીમાં સૌથી વધુ ૨૨ ઈંચ વરસાદ તથા રાજ્યના ૧૨ તાલુકાઓમાં ૮ ઈંચથી વધુ વરસાદ સહિત રાજ્યના ૬૯ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તારીખ ૧૧ જુલાઇ ૨૦૨૨ના રોજ સવારે છ કલાકે પુરા થતાં ૨૪ કલાક દરમિયાન કચ્છ ઝોનમાં સૌથી વધુ ૬૫.૪૫ ટકા, દક્ષિણ ગુજરાત ઝોનમાં ૪૧.૭૯ ટકા, સૌરાષ્ટ્રમાં ૩૯.૪૩ ટકા, પૂર્વ ગુજરાતમાં ૩૦.૦૭ ટકા અને ઉત્તર ગુજરાતમાં ૨૦.૪૪ ટકા સરેરાશ વરસાદ વરસ્યો છે.

ક્વાંટ તાલુકામાં ૪૩૨મિ.મી., જાંબુઘોડામાં ૪૨૬મિ.મી., જેતપુર પાવીમાં ૪૦૩ મિ.મી., છોટાઉદેપુરમાં ૩૩૦ મિ.મી.,વઘઈમાં ૨૮૮ મિ.મી., આહવામાં ૨૭૫ મિ.મી.,ધરમપુરમાં ૨૨૫ મિ.મી.,અમદાવાદ શહેરમાં ૨૧૯ મિ.મી.,સુબીરમાં ૨૧૧ મિ.મી.,વાંસદામાં ૨૦૯ મિ.મી., કપરાડામાં ૨૦૪ મિ.મી.,સાગબારામાં ૧૯૭ મિ.મી.,સંખેડામાં ૧૮૮ મિ.મી.,ડેડીયાપાડામાં ૧૮૬ મિ.મી., ડોલવણમાં ૧૮૦ મિ.મી.,ઘોઘંબામાં ૧૫૮ મિ.મી.,નડિયાદમાં ૧૪૩ મિ.મી.,ગોધરામાં ૧૩૭ મિ.મી.,સોજીત્રામાં ૧૩૬ મિ.મી.,મહેમદાવાદ અને નસવાડીમાં ૧૩૫ મિ.મી.,તિલકવાડા અને હાલોલમાં ૧૩૦ મિ.મી.,ઉમરપાડામાં ૧૨૯ મિ.મી.,ખેરગામમાં ૧૨૩ મિ.મી.,મોરબીમાં ૧૨૧ મિ.મી.,માતરમાં ૧૧૮ મિ.મી.,ગરુડેશ્વરમાં ૧૧૩ મિ.મી.,વસોમાં ૧૦૬ મિ.મી. એમ કુલ ૩૦ તાલુકાઓમાં ૪ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

જ્યારે ડભોઈમાં ૯૯ મિ.મી.,ખેડામાં ૯૭ મિ.મી.,ધોલેરામાં ૯૫ મિ.મી.,આણંદમાં તથા શહેરામાં ૯૨ મિ.મી.,મુન્દ્રા અને અબડાસામાં ૮૯ મિ.મી.,ગણદેવીમાં ૮૫ મિ.મી.,ખંભાતમાં ૮૪ મિ.મી.,વાઘોડિયામાં ૮૨ મિ.મી.,પેટલાદમાં ૮૧ મિ.મી.,મહુવામાં ૮૦ મિ.મી.,નવસારીમાં ૭૯ મિ.મી.,ચીખલી,વલસાડ અને કઠલાલમાં ૭૮ મિ.મી.,નાંદોદમાં ૭૭ મિ.મી.,તારાપુર, વાલોદ અને દાહોદમાં ૭૩ મિ.મી.,દહેગામમાં ૭૧ મિ.મી.,કુકરમુંડામાં ૭૦ મિ.મી.,પારડીમાં ૬૭ મિ.મી.,કાલોલમાં ૬૫ મિ.મી.,સાણંદમાં ૬૪ મિ.મી.,વાપી તથા કડીમાં ૬૨ મિ.મી.,પાદરા,દસકોઈ અને સોનગઢમાં ૬૦ મિ.મી.,જલાલપોરમાં ૫૯ મિ.મી.,કચ્છ-માંડવી અને વ્યારામાં ૫૮ મિ.મી.,નખત્રાણામાં ૫૬ મિ.મી.,કલોલમાં તથા લુણાવાડામાં ૫૫ મિ.મી.,નિઝરમાં ૫૪ મિ.મી.,માંગરોળ અને વડોદરામાં ૫૨ મિ.મી. એમ કુલ ૩૯ તાલુકાઓમાં બે થી ચાર ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે રાજ્યના ૧૪૯ જેટલા તાલુકાઓમાં બે ઈંચથી ઓછો વરસાદ વરસ્યો હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે.

## દેશના પહેલા ગે પ્રિન્સના લગ્ન! રોયલ પરિવારના માનવેન્દ્રસિંહ ગોહિલે પાર્ટનર રિચર્ડસ સાથે અમેરિકામાં લગ્ન કર્યા





વડોદરા,તા.૧૧

રાજપીપળાના રોયલ પરિવારના માનવેન્દ્રસિંહ ગોહિલે વર્ષો પહેલા પોતાના ગે હોવાની માહિતી આપીને સૌને ચોંકાવી દીધા હતા. ત્યારે માનવેન્દ્રસિંહ ગોહિલે ફરી એકવાર લોકોને ચોંકાવ્યા છે. તેમણે પોતાના ગે પાર્ટનર સાથે લગ્ન કર્યા છે. માનવેન્દ્રસિંહ ગોહિલે ગે પાર્ટનર ડીએન્દ્રે રિચર્ડ્સ સાથે અમેરિકાના કોલંબસ શહેરના એક ચર્ચમાં લગ્ન કર્યા છે.

માનવેન્દ્રસિંહ ગોહિલ દેશના પ્રથમ ગે પ્રિન્સ તરીકેની ઓળખ મેળવી ચૂક્યા છે. તેમની દરેક ખબર ચોંકાવનારી અને ચર્ચામાં રહેતી હોય છે. જ્યારે તેમણે પોતાના ગે હોવાની જાહેરાત કરી હતી ત્યારે પણ રોયલ પરિવારો ચોંકી ઉઠ્યા હતા. તેના બાદ તેઓ વર્ષો સુધી રિચર્ડસ સાથે રહેતા હતા. બંને અનેકવાર જાહેરમાં સાથે જોવા મળ્યા છે. ત્યારે અચાનક તેમણે લગ્નની જાહેરાત કરીને સૌને ચોંકાવ્યા છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આ જાહેરાત કરી છે. જેમાં ૬ જુલાઈ, ૨૦૨૨ તારીખનુ મેરેજ સર્ટિફિકેટ પણ રજૂ કર્યુ છે.


માનવેન્દ્રસિંહ રાજપીપળા રોયલ પરિવારના પૂર્વ મહારાજા રઘુવીર સિંહ રાજેન્દ્રસિંહ તથા પૂર્વ મહારાણી રુકમણી દેવીના પુત્ર છે. આ પહેલા પણ માનવેન્દ્રસિંહના લગ્ન થયા હતા. વૈવાહિક જીવન સુખી ન હોવાથી તેમણે પત્નીથી તલાક લીધા હતા.

માનવેન્દ્રસિંહને પહેલીવાર સમલૈંગિક થવાની જાણ ત્યારે થઈ જ્યારે તેઓ માત્ર ૧૨ વર્ષના હતા. રાજપરિવારે તેમને અભ્યાસ માટે મુંબઈ સ્કોટિસ સ્કૂલ અન મીઠીબાઈ કોલેજના અમૃતબેન જીવનલાલ કોલેજમાં મોકલ્યા હતા. તેમણે ૨૦૦૬ માં પોતાના ગે હોવાની જાહેરાત કરી હતી. આવી જાહેરાત કરનારા તેઓ દેશના પહેલા રાજ પરિવારના સદસ્ય છે.

તેઓ લાંબો સમય સમલૈંગિકોના હક માટે લડતા રહ્યા, તેમના માટે અવાજ ઉઠાવતા રહ્યાં હતા. આ માટે તેમણે એક કમ્યુનિટી સેન્ટર પર શરૂ કર્યુ હતું.

## મહારાષ્ટ્ર પછી ઝારખંડની હેમંત સોરેન સરકાર ઓગસ્ટમાં પડી શકે છે : જયોતિષની આગાહી

**જ્યોતિષ અરવિંદ તિવારીએ ઝારખંડમાં સરકાર પડવાની આગાહી કરતા પહેલા અનેક અલગ-અલગ મુદ્દાઓ પર ભવિષ્યવાણી પણ કરી છે. જેમાંથી કેટલીક સાચી સાબિત થઇ છે.**



રાંચી,તા.૧૧

ઝારખંડમાં ૨૦૧૯માં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં કોઈપણ પક્ષને પૂર્ણ બહુમતી મળી નથી. ઝારખંડ મુક્તિ મોરચા એ કોંગ્રેસ અને આરજેડી સાથે ગઠબંધન કરીને સરકાર બનાવી. પરંતુ હવે ઝારખંડના રાજકારણમાં બદલાવની અટકળો ચાલી રહી છે. ભોપાલમાં રહેતા જ્યોતિષ પંડિત અરવિંદ તિવારીએ આગાહી કરી છે કે ઓગસ્ટ મહિનામાં ઝારખંડની સરકાર પડી શકે છે. તેમણે કહ્યું કે ઓગસ્ટ મહિનામાં ઝારખંડમાં હેમંત સોરેનની સરકાર પડી જશે અને ભાજપની મદદથી કોઈ નવો ચહેરો અથવા હેમંત સોરેન પોતાની સરકાર બચાવવાનો પ્રયાસ કરશે.

અરવિંદ તિવારીએ જણાવ્યું કે ઝારખંડ મુક્તિ મોરચા જેની રાશિ મકર રાશિ છે અને શનિ ૧૩ જુલાઈથી આ રાશિમાં પૂર્વવર્તી ગતિમાં પ્રવેશ કરી રહ્યો છે. હાલ કોંગ્રેસની કુંડળી પણ ઘણી નબળી છે. રાષ્ટ્રીય જનતા દળ પાર્ટીના વડા તેજસ્વી યાદવની કુંડળી પણ હાલમાં ઘણી નબળી છે.

પંડિત અરવિંદ તિવારીએ કહ્યું- શિબુ સોરેનના પુત્ર અને વર્તમાન મુખ્યમંત્રી હેમંત સોરેનનો જન્મ ૧૦ ઓગસ્ટ, ૧૯૭૫ના રોજ ઝારખંડમાં થયો હતો. હેમંત સોરેને ૨૯ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ બીજી વખત ઝારખંડના સીએમ તરીકે શપથ લીધા હતા. હેમંત સોરેનનો જન્મ પત્ર તુલા રાશિ કે કન્યા રાશિનો છે. હાલમાં તેમના પર શનિની મહાદશા ચાલી રહી છે અને ૧૩ જુલાઇ પછી શનિ પશ્ચાદવર્તી થઈને મકર રાશિમાં પ્રવેશ કરી રહ્યો છે. જેના કારણે તેમની સરકાર જોખમમાં આવી શકે છે. જેના કારણે ઓગસ્ટના પહેલા સપ્તાહ બાદ જ સોરેનની સરકાર પડી શકે છે અને તેમને ભવિષ્યમાં ભારતીય જનતા પાર્ટીનો સહારો લેવો પડી શકે છે અથવા બળવાખોર ધારાસભ્યોએ ભાજપને સમર્થન આપવું જોઈએ અને અન્ય ચહેરાને મુખ્યમંત્રી બનાવવાની માંગણી કરવી જોઈએ.

તમને જણાવી દઈએ કે મહારાષ્ટ્રમાં સત્તા પરિવર્તન બાદ સોશિયલ મીડિયામાં યુઝર્સ દ્વારા અનેક પ્રકારની કોમેન્ટ કરવામાં આવી હતી. સોશિયલ મીડિયા પર ઘણા યુઝર્સે કોમેન્ટ કરીને કહ્યું કે હવે પછીનો નંબર ઝારખંડનો છે. આ દરમિયાન પંડિત અરવિંદ તિવારીએ પોતાની ભવિષ્યવાણી કરી છે.

ઝારખંડમાં કુલ ૮૧ વિધાનસભા સીટો છે. ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીમાં કોઈપણ પક્ષને પૂર્ણ બહુમતી મળી નથી.

# ભારત સરકારનાં પશુપાલન વિભાગમાં માનદ સલાહકાર તરીકે સૌરાષ્ટ્રનાં યુવા સમાજ સેવક મિતલ ખેતાણીની પ્રતિષ્ઠાભરી વરણી વરણી

## કેન્દ્રીય પશુપાલન મંત્રી પરસોતમભાઈ રૂપાલાજીનાં માર્ગદર્શનમાં રાષ્ટ્રીય કક્ષાએ જીવદયાના કાર્યો આગળ વધારશે



સૌરાષ્ટ્રનાં જાહેર જીવનનાં અગ્રણી સ્વ. નરોતમભાઈ ખેતાણીનાં સુપુત્ર, મિતલ ખેતાણીની તાજેતરમાં ભારત સરકારનાં પશુપાલન વિભાગનાં માનદ સલાહકાર તરીકે વરણી કરાઈ છે, ગુજરાત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડનાં સભ્ય, ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડનાં પ્રેસ એન્ડ પબ્લીક રીલેસન્સ કમીટીનાં સભ્ય, યુવા સમાજસેવી અને બાલ્યાવસ્થાથી જ લોહીનાં સંસ્કારને લઈને સેવાક્ષેત્રને વરેલા મિતલ ખેતાણીનું ગુજરાત સરકાર, ભારત સરકાર દ્વારા રકતદાન, ચક્ષુદાન, દેહદાન, અંગદાન, ગૌસેવા/ જીવદયા ક્ષેત્રે ઉલ્લેખનીય કામગીરી બદલ સન્માન થઈ ચૂકયું છે. ભારત ભામાશા પૂ. દીપચંદભાઈ ગારડીનાં વરદ હસ્તે, તેમનાં જ નામ સાથે જોડાયેલાં સેવાક્ષેત્રનો પ્રતિષ્ઠિત ×ગારડી એવોર્ડ× મિતલ ખેતાણીને મળી ચૂકયો છે. ચિત્રલેખા દ્વારા સને ૨૦૧૫માં ''યુવા પ્રતિભા'' તરીકે વિશેષ લેખ પણ પ્રકાશીત થયેલ છે. ભારત સરકારનાં કેન્દ્રીય પશુપાલન મંત્રી પરસોતમભાઈ રૂપાલાના માર્ગદર્શનમાં મિતલ ખેતાણી રાષ્ટ્રીય કક્ષાએ જીવદયાના કાર્યો આગળ વધારશે.

ભારતની પશુ સારવારનાં ક્ષેત્ર કોઈ એક શહેરમાં કાર્યરત હોય તેવી સૌથી મોટી સંસ્થા શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ—એનીમલ હેલ્પલાઈન,વેટરનરી હોસ્પિટલ, અબોલ જીવોનું અન્નક્ષેત્રનાં પ્રમુખ, વૈશ્વીક સ્તરે જન, જંગલ, જમીન, જનાવર, જળની સુખાકારી માટે કાર્યરત વૈશ્વીક સંસ્થા સમસ્ત મહાજનનાં સંગઠન મંત્રી, જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટીનાં ટ્રસ્ટી, સમગ્ર વિશ્વનાં રઘુવંશીઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરીષદનાં પૂર્વ જોઈન્ટ સેક્રેટરી, અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના (રાજકોટ)નાં પ્રમુખ તેમજ વિવિધ ગૌશાળાઓ, ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન સહિતની અનેક સંસ્થાઓમાં તન-મન-ધનથી મિતલ ખેતાણી સક્રિય છે. લેખક, કવિ એવા મિતલ ખેતાણી સારા વકતા પણ છે.

આઠ વર્ષ પૂર્વે, દુષ્કાળ જેવી પરિસ્થિતીને લઈને ૬૦૦૦ જેટલા અબોલ જીવો, ગૌમાતા માટે કરાયેલાં ૬ કેટલ કેમ્પોનાં સંચાલનમાં નિમીત બનેલા મિતલ ખેતાણી જન્મદિનનાં મંગલ પ્રસંગે ખાસ કરીને બાળકો—તરૂણો, યુવાનોમાં શાકાહારનો પ્રચાર-પ્રસાર થાય, માંસાહારનો ત્યાગ થાય તેવાં ઉમદા હેતુથી વેજીટેરીયન સોસાયટી'' ને વધુ ધમધમતી કરાઈ છે.

આઈ ટુ આઈ મીડીયા, એચ.ડી.એફ.સી., એરટેલ સહીતનાં કોર્પોરેટ સેકટરમાં સીનીયર મેનેજમેન્ટ ક્ષેત્રે ૧૫ વર્ષનો અનુભવ ધરાવતાં તેમજ અમેરીકા, યુરોપ, મીડલ ઈસ્ટ, નેપાળ સહિતનાં દેશોમાં અનેકવિધ નેશનલ-ઈન્ટરનેશનલ ઈવેન્ટસ/ કાર્યક્રમોનું સફળ સંચાલન કરી ચૂકેલાં સન્માનીત થયેલા ઈલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનીકેશન એન્જીનીયર મિતલ ખેતાણી વ્યવસાયે 'શાલીભદ્ર ડ્રીમ્સ'' રેસીડેન્સીયલ પ્લોટીંગનાં લેન્ડ ડેવલોપર્સ છે. સમગ્ર વિશ્વની ૩૦ લાખથી વધુ લોહાણાઓનું પ્રતિનિધીત્વ કરતી રઘુવંશીઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા પણ વૈશ્વીક રઘુવંશી પ્રતિભા' અને 'શ્રેષ્ઠ રઘુવંશી ગૌસેવક'' તરીકેનો ઈન્ટરનેશનલ, અતિ પ્રતિષ્ઠિત એવોર્ડ વૈશ્વીક અગ્રણીઓની ઉપસ્થિતીમાં, બે વાર મિતલ ખેતાણીને અપાઈ ચૂકયો છે. દિલ્હીનાં ગાંધી સ્મૃતિ મંદિર ખાતે ''જીવદયા રત્ન' એવોર્ડ પણ પ્રાપ્ત થયો છે.

આગામી દિવસોમાં મિતલ ખેતાણી રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાએ જીવદયા—ગૌસેવા, માનવતા, દર્દી નારાયણ તેમજ દરીદ્ર નારાયણનાં લાભાર્થે મહત્વનું પ્રદાન કરવાનાં સ્વપ્નને સાર્થક કરવાનું ધ્યેય મિતલ ખેતાણી ધરાવે છે.

મિતલ ખેતાણી
(મો.૯૮૨૪૨૨૧૯૯૯)

# ન્યૂઝ અપડેટ ચોમાસુ – ૨૦૨૨, જિલ્લો ડાંગ :

# તા. ૧૧ મી જુલાઈએ સાંજે ચાર વાગ્યા સુધીના દસ કલાકમા ડાંગમા નોંધાયો ૧૨૭.૭૫ મી.મી. વરસાદ

- **૨૮ માર્ગો અવરોધાયા : ૪૬ ગામો થયા પ્રભાવિત**
- **જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ ગ્રાઉન્ડ ઝીરો ઉપર ઉતર્યા**
- **જનજીવન સતત ધબકતુ રહે તેવા પ્રશાસનના પ્રયાસોમા પ્રજાજનોની ભાગીદારીની અપીલ**



આહવા: તા: ૧૧ : વનાચ્છાદિત ડાંગ જિલ્લામા થઈ રહેલા મુશળધાર વરસાદને પગલે ઉદભવેલી પરિસ્થિતિ ઉપર નજર રાખતા જિલ્લા કલેક્ટર શ્રી ભાવિન પંડ્યાએ, તેમના ઉચ્ચ અધિકારીઓને ગ્રાઉન્ડ ઝીરો ઉપર મોકલી પરિસ્થિતિનો મેળવ્યો હતો.

વરસાદ ; તા. ૧૧મી જુલાઈના રોજ આ લખાઈ છે ત્યારે, એટલે કે સાંજે ૪ વાગ્યે ડાંગ જિલ્લામા આહવા ખાતે ૧૪૩ મી.મી., વઘઇ ખાતે ૮૩ મી.મી., સુબીર ખાતે ૧૩૯ મી.મી., અને સાપુતારા ખાતે ૧૪૬ મી.મી. વરસાદ નોંધાતા અહી છેલ્લા દસ કલાકમા સરેરાશ ૧૨૭.૭૫ મી.મી. વરસાદ નોંધાયો છે.

યાતાયાત થયો પ્રભાવિત, ઠેર ઠેર પાણી ભરાયા ;
વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિ ધરાવતા ડાંગ જિલ્લામા વહેતી અંબિકા, ખાપરી, પુર્ણા, અને ગીરા નદીઓ સહિત કોતરોમા વહેતા વરસાદના ધસમસતા પાણી, નીચાણવાળા રોડ ઉપર ફરી વળતા ઠેર ઠેર માર્ગો અવરોધાયા હતા. તો ઘાટમાર્ગો ઉપર ઠેક ઠેકાણે કાળમીંઢ શીલાઓ, કાદવ, કીચડ, માટી, વૃક્ષો વિગેરેનો મલબો જાહેર માર્ગો ઉપર ધસી આવતા યાતાયાત પ્રભાવિત થયો હતો.

જંગલ વિસ્તારોમા ઘનઘોર, ઘટાટોપ વૃક્ષો, ડુંગરો અને ખીણ પ્રદેશમાંથી પસાર થતી વીજ લાઈનો ઉપર ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી થવાના પગલે સર્જાયેલી સ્થિતિને પૂર્વવત કરવા માટે કવાયત હાથ ધરવામા આવી છે.

વહીવટી તંત્ર ગ્રાઉન્ડ ઝીરો ઉપર ; આ સંજોગોમાં જિલ્લાના લાઈન ડીપાર્ટમેંટના તમામ અધિકારીઓને તેમના સાધન સરંજામ સાથે વરસતા વરસદમા બચાવ રાહત કામગીરી માટે તૈનાત કરી, અહીનુ સામાન્ય જનજીવન વધુ પ્રભાવિત ન થાય તેની તકેદારી દાખવાવમા આવી રહી છે.

તંત્રની અપીલ ;
જિલ્લાના પર્યટન સ્થળો, પ્રાકૃતિક સ્થળોએ ઉમટી પડતા પ્રવાસીઓ કોઈ જોખમમા ન મુકાઇ તેની તકેદારીના ભાગરૂપે ઠેર ઠેર પોલીસ બંદોબસ્ત સાથે 'નો સેલ્ફી ઝોન' અને 'ફોટોગ્રાફી' ઉપર નિયંત્રણ સાથે, આડેધડ જાહેર માર્ગો ઉપર વાહનો પાર્ક ન કરવાની તકેદારી રાખવામા આવી રહી છે. કલેક્ટર શ્રી ભાવિન પંડ્યાએ ફરી એકવાર જિલ્લામાં આવતા પ્રવાસીઓને આ બાબતે અમલકારી પોતાનો જીવ જોખમમા ન મૂકવાનો અનુરોધ કર્યો છે.

આ માર્ગો અવરોધાયા ;
આજે એટલે કે તા.૧૧/૭/૨૦૨૨ના રોજ સાંજે ચાર વાગ્યાના સુમારે ડાંગ જિલ્લાના જે માર્ગો યાતાયાત માટે બંધ થવા પામ્યા છે, તેમા (૧) સતી-વાંગણ-કુતરનાચ્યા રોડ, (૨) બોરખલ-ગાયખાસ-ચવડવેલ રોડ, (૩) ભવાનદગડ-ધૂલચોંડ-આમસરવલણ રોડ, (૪) કાકડવિહિર-ખેરીન્દ્રા-ચમારપાડા રોડ, (૫) પીપલદહાડ-જોગથવા રોડ, (૬) ઢાઢરા વી.એ.રોડ, (૭) આંબાપાડા વી.એ.રોડ, (૮) ખાતળ ફાટકથી ઘોડી રોડ, (૯) કુડકસ-કોશિમપાતળ રોડ, (૧૦) સુસરદા વી.એ.રોડ, (૧૧) ચિખલદા વી.એ. રોડ, (૧૨) આહેરડી-બોરદહાડ રોડ, (૧૩) નાનાપાડા-કુમારબંધ-બોરદહાડ રોડ, (૧૪) માછળી-ચિખલા-દિવડ્યાવન રોડ, (૧૫) વાંઝટઆંબા-કોયલીપાડા રોડ, (૧૬) ઘોડવહળ વી.એ.રોડ, (૧૭) કાલિબેલ-પાંઢરમાળ-વાંકન રોડ, (૧૮) પાતળી-ગોદડિયા રોડ, (૧૯) ચીકટિયા-ગાઢવી રોડ, (૨૦) બારીપાડા-રાનપાડા-ભાપખલ રોડ, (૨૧) દગડપાડા-પીપલસોંઢા રોડ, (૨૨) દોડીપાડા-ચીકાર ફળિયા રોડ, (૨૩) ગોદડિયા-પાંઢરમાળ રોડ, (૨૪) ભેંસકાતરી-કાકરદા-ભોંગડિયા-એન્જિનપાડા રોડ, (૨૫) ટાકલીપાડા-મોટી દભાસ-લહાન દભાસ રોડ, (૨૬) શિંગાણા-ધુલદા રોડ, (૨૭) બાજ વી.એ.રોડ, અને (૨૮) માનમોડી-નિંબારપાડા રોડ નો સમાવેશ થાય છે. પ્રજાજનો, પશુપાલકો, ખેડૂતો, અને વાહનચાલકોને આ માર્ગોનો ઉપયોગ નહીં કરતા, તંત્રે સૂચવેલા વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવાની સલાહ આપવામા આવી છે. ડાંગના આ ૨૮ માર્ગો બંધ થતા ૪૬ ગામો પ્રભાવિત થવા પામ્યા છે.

નરેન્દ્ર પવાર
ડાંગ


# વડગામ તાલુકાના બસુ ના લેબલાપુરા ગામે પોલીસની રહેમ નજરે વિદેશી દારૂનું ધુમ વેચાણ

## છાપી પોલીસ સ્ટેશન ના નવિન પી.એસ.આઇ તપાસ કરી કાર્યવાહી કરે તેવી જનમાંગ

બનાસકાંઠા સમાચાર

સમગ્ર ગુજરાતમાં દેશી તેમજ વિદેશી દારૂ ઉપર સરકારનો પ્રતીબંધ હોવા છતાં દારૂનું ખુલ્લેઆમ વેચાણ થતુ હોય છે.ગામડાઓ પણ તેમાંથી બાકાત રહ્યા નથી. વડગામ તાલુકાના છાપી,બસુ,મેતા,માહી,મજાદર,

શેરપુરા, જયોતિ નગર છાપી,તેનિવાડા, ગામે પણ દેશી તેમજ ભારતીય બનાવટનો વિદેશી દારૂનુ ધુમ વેચાણ થઈ રહ્યું છે.છાપી ગામમાં ઠેરઠેર દારૂના અડ્ડા ધમધમી રહ્યા છે. તેનાથી શું સ્થાનિક પોલીસ અજાણ હશે ? વડગામ,મેમદપુર, રામપુરા,ધોતા સકલાણા,નગાણા,રુપાલ, જેવા અનેક ગામોમાં દારૂના અડ્ડાઓ ધમધમે છે.ઘર આંગણે દારૂ મળી રહેતા આજ નું યુવાધન તેના રવાડે ચડી આર્થિક અને શારીરિક રીતે બરબાદ થાય છે. જેના લિધે પરિવાર પણ મુસ્કેલીઓ માં પણ મુકાયો છે. નાની ઉંમર માં યુવાનો દારૂ ના રવાડે ચડી જતાં કેટલાય લોકો મોત ને ભેટ્યા છે.ત્યારે પોલીસ પણ આ બાબતે આંખ આડા કાન કરે છે. તેથી દારૂ વેચનારા અને પીનારાઓને મોકળું મેદાન મળી જાય છે.જેના કારણે જાહેરમાં દારૂ પીને લવારા કરતા દારૂડિયાઓની રંજાડ વધી પડી છે. જેના કારણે ગામમાં શાંતિનું વાતાવરણ ડોહળાવાની પૂરેપૂરી શકયતા છે. છાકટા બનેલા દારૂડિયાઓના ત્રાસથી બેન દીકરીઓ દૂધ ભરાવવા જતા પણ અચકાય છે. આ બાબતને ગંભીરતાથી લઈ બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા ગામની આકસ્મિક મુલાકાત લઈ સત્વરે ઘટતા પગલાં ભરે તેવો જનમત પ્રવર્તે છે.



### જવારા પૂજન સાથે મોળાક્ત નો આરંભ

સનાતન હિન્દૂ સંસ્કૃતિમાં ઋતુ અને મોસમ ને ધ્યાનમાં રાખી ને વ્રત અને તહેવારો ની ઉજવણી કરવામાં આવે છે જેના ભાગરૂપે મોળા કત ગૌરી વ્રત નો પ્રારંભ થતા અમદાવાદ ની જીવરાજપાર્ક ની નાની કાવ્યા શુક્લ સહિત ની નાની બાળાઓ જવેરા પૂજન કરવા નીકળી હતી ત્યારે તેમના ચહેરા ઉપર અનેરા ઉત્સાહ અને આનંદ જોવા મળતો હતો

### અમદાવાદમાં જળબંબાકાર, અનેક જગ્યાએ ઘરોમાં પાણી ઘૂસી ગયા, વાહનો ડૂબી ગયા

અમદાવાદ,તા.૧૧

રવિવારે રાત્રે અમદાવાદ શહેરમાં જોરદાર વરસાદ પડ્યો હતો. અમદાવાદમાં સતત ચાર કલાક સુધી વરસાદ પડ્યા બાદ મોડી રાત્રે ફરી વરસાદ શરૂ થયો હતો. અમદાવાદના ઘણા વિસ્તારમાં તો ૧૦ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. રવિવારે સાંજે શરૂ થયેલા ભારે વરસાદને કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. નિચાણવાળા વિસ્તારમાં લોકોના ઘરમાં પાણી ઘૂસી ગયા હતા. ભારે વરસાદને કારણે અનેક લોકોએ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

અમદાવાદના વાસણા, પાલડી, એલિસબ્રિજ વિસ્તારમાં તો ૧૮ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. તો વાડજ, ઈનકમટેક્સ, આશ્રમ રોડ જેવા વિસ્તારમાં ૧૪ ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો. શાહીબાગ, ઉસ્માનપુરા અને અખબારનગર અંડરપાસમાં પાણી ભરાવાને કારણે તેને બંધ કરી દેવામાં આવ્યા હતા.

વાસણા વિસ્તારમાં આવેલા દેવાસ એપાર્ટમેન્ટમાં તો વરસાદને કારણે લોકોના ઘરમાં પાણી ઘૂસી ગયા હતા. વરસાદ એટલો વધારે હતો કે ગ્રાઉન્ડ ફ્લોરમાં પાર્ક કરેલી કારો પણ ડૂબી ગઈ હતી.

# સાપુતારા માર્ગ અવરોધાયો

## વાહન ચાલકોને વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવાનો અનુરોધ

આહવા: તા: ૧૧: ડાંગ જિલ્લામા થઈ રહેલા ભારે વરસાદને પગલે ગિરિમથક સાપુતારાના ઘાટ માર્ગ અવરોધાયો છે. જેને પગલે વઘઈથી સાપુતારા જતા વાહનચાલકોએ બારીપાડા-માનમોડી-સુરગાણા-હાથગઢ થઈને સાપુતારા જવા, તથા નાશિક થી વઘઈ તરફ આવતા વાહનચાલકોને હાથગઢ-સુરગાણા-માનમોડી-બારીપાડા-વઘઈ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવાની ડાંગ કલેકટર શ્રી ભાવિન પંડ્યાએ અપીલ કરી છે.

ઉલ્લેખનીય છે કે, વરસાદને કારણે સાપુતારા ઘાટ માર્ગમા માટી, પત્થરો, વૃક્ષો વિગેરે ધરાશાઈ થતા આ માર્ગને પુનઃ પૂર્વવત કરવા માટે જિલ્લા વહીવટી તંત્રના લાશ્કરો કામે લાગ્યા છે. ત્યાં સુધી કોઈ વાહનચાલકો મુશ્કેલીમા ન મૂકાઈ તે માટે ઉક્ત સૂચવેલ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવાની અપીલ કરવામા આવી છે.

નરેન્દ્ર પવાર
ડાંગ

# વૃદ્ધ, નિરાધાર માવતરોને જુલાઈ-૨૦૨૨ની રાશનકીટનું વિતરણ કર્યુ



વૃદ્ધાવસ્થામાં કોઈની ઓશિયાળી જિંદગી જીવવીના પડે તે માટે બગસરામાં અને સાપર ગામમાં રહેતા વૃદ્ધ, અશક્ત, નિરાધાર, માવતરો કે જેમની ઉંમર થતા કામ કરી શકતા નથી તેમજ ગંભીર પ્રકારની બીમારી હોય તેવા માવતરોના જીવન નિર્વાહ માટે વિચરતા સમુદાય સમર્થન મંચ સંસ્થા દ્વારા મિત્તલબેન, અને ડિમ્પલબેનના માર્ગદર્શન હેઠળ દર મહિને રાશનકીટ આપવામાં આવે છે જેમાં આ માવતરોને કરિયાણાની બધી જ વસ્તુઓ આપવામાં આવે છે. અમરેલી જિલ્લાના સંયોજક રમેશભાઈ મકવાણા દ્વારા જુલાઈ-૨૦૨૨ ની રાશનકીટનું વિતરણ કરવામાં આવ્યું. તમામ માવતરોએ હરખથી આશીર્વાદ આપી અને ખુશી વ્યક્ત કરતા બોલ્યા કે ભગવાન તમારા જેવા મદદરૂપ થનાર સૌનું ભલું કરે...

ગોધરામાં આવેલ ચંદનબાગ ખાતે પરમ આદરનીય મહાત્મા શ્રી ઈશ્વરભાઈ સેવકાનીજી,નાયબ કાર્યપાલક ઈજનેર,સરદાર સરોવર નર્મદા નિગમ ૫૮ વર્ષની વયે નિવૃત્ત થતાં નિવૃત્તિ પછીનું તેમનું જીવન તંદુરસ્ત રહે,પ્રભુકાર્ય કરી આલોક અને પરલોક સુખી કરે,સમાજ ઉપયોગી કામો કરે તેવી શુભકામના આપવા સરદાર સરોવર નર્મદા નિગમના કર્મચારીઓ,તેમના સગા-વહાલા,ઈષ્ટમિત્રો તથા સંત નિરંકારી મિશનના સંતોએ શુભકામના પાઠવી હતી.કાર્યક્રમના અંતે સેવકાની પરીવારે સુંદર ભોજન વ્યવસ્થા કરી હતી.

વિનોદભાઇ માછી નિરંકારી

# નાથીબા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધ્વારા વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરવામાં આવી



ગાંધીનગર,

૧૧ જુલાઈ વિશ્વ વસ્તી દિવસ તરીકે ઉજવાય છે.૧૯૮૭ માં જયારે વિશ્વ વસ્તી ૫૦૦ કરોડ પર પહોંચી ત્યારે યુનાઈટેડ નેશન્સ ધ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવી. કે જો આ રીતે જન સંખ્યા વધતી જશે તો ભવિષ્યમાં પૃથ્વી પર તેનો મોટો દબાવ ઉભો થશે અને લોકો અનેક સમસ્યાઓના ભોગ બનશે.૧૯૮૯ થી યુનાઈટેડ નેશન્સ ધ્વારા વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરાય છે જેમાં તમામ દેશો જનસંખ્યા નિયંત્રણ માટે જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરે છે. કડી વિશ્વ વિદ્યાલય, સંચાલિત નાથીબા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ગુજકોસ્ટ તથા નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર,ગાંધીનગર ના સહયોગથી આજ રોજ વિશ્વ વસ્તી દિન ની ઉજવણી કરવામાં આવી. ડો.અનીલ પટેલે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન ધ્વારા વિશ્વની વસ્તી, દર જુદા જુદા દેશીની જન સંખ્યા,વસ્તી વધારાના કારણે ઉભી થતી સમસ્યાઓ વિષે વિગતે વાત કરી. આચાર્યશ્રી ડો.હરિત એસ.પટેલ પ્રાસંગિક પ્રવચનમાં વિદ્યાર્થીઓને જનસંખ્યાના વ્યવસ્થાપનોની વાત કરી હતી.

નાથીબા કોલેજ ધ્વારા ગ્રીન ક્લબ શરુ કરવામાં આવી છે. આ ક્લબ ધ્વારા વિવિધ દિવસોની ઉજવણી તથા વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવા કાર્યક્રમો યોજવામાં આવે છે આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ડો.પ્રણવ જોષીપુરા એ કર્યું.આ પ્રસંગે પ્રાધ્યાપક તેજસ એસ.શાહ, પાયલબેન પંડયા,મનુભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

# આવતી કાલે મંત્રી શ્રી વાઘાણી ભાવનગરના પ્રભારી મંત્રી શ્રી કિરીટસિંહ રાણા સાથે સમીક્ષા બેઠક યોજીને ભાવનગર વહીવટી તંત્ર સાથે પણ પરિસ્થિતિનો તાગ મેળવી જરૂરી માર્ગદર્શન આપશે



રાજકોટ,

રાજયમાં થયેલા ભારે વરસાદને પરિણામે રાજકોટ શહેર તથા રાજકોટ જિલ્લાની સ્થિતિની સમીક્ષા કરવા તથા સમગ્ર પરિસ્થિતિનો તાગ મેળવવા પ્રભારી મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણી ગાંધીનગરથી રાજકોટ જવા રવાના થયા છે.

રાજકોટ શહેર અને જિલ્લા વિસ્તારની પરિસ્થિતિ અંગે જિલ્લા કલેકટર તથા રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તેમજ જિલ્લાના સંબંધિત ખાતાઓના વડા સાથે સમીક્ષા બેઠક યોજી જિલ્લા સ્તરેથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી તાલુકા કક્ષાના અધિકારીઓ સાથે વર્ચ્યુઅલ બેઠક યોજશે અને સ્થિતિની સમીક્ષા કરી મંત્રી શ્રી વાઘાણી આગોતરી તૈયારી માટે જરૂરી માર્ગદર્શન પૂરું પડશે.

રાજકોટમાં જરૂર જણાય તો નીચાણ વાળા વિસ્તારમાં તથા કાચા મકાનમાં રહેતા નાગરિકોના સલામત સ્થળાંતર અને તેમની ભોજન-આરોગ્ય સહિતની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા તથા સ્થળાંતર સહીત અન્ય સુરક્ષાત્મક પગલા ત્વરીત લઈ શકાય તે સહિતની વ્યવસ્થા માટે તથા તંત્રને સુસજ્જ રહેવા મંત્રીશ્રી જરૂરી સૂચનાઓ આપશે.

આગામી બે દિવસ ગુજરાતમાં હજુ ભારે વરસાદની હવામાન વિભાગે વ્યક્ત કરેલી આગાહીને પગલે આવતી કાલે મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી ભાવનગરની મુલાકાતે જશે અને ભાવનગરના પ્રભારી મંત્રી શ્રી કિરીટસિંહ રાણા સાથે સમીક્ષા બેઠક યોજીને ભાવનગર વહીવટી તંત્ર સાથે પણ ભાવનગર શહેર અને ભાવનગર જિલ્લાની પરિસ્થિતિનો તાગ મેળવશે તેમજ જરૂરી માર્ગદર્શન પૂરું પાડશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.